શ્રીઉવવાઈ સૂત્ર.

([illegible])

શીગાલવાદ સૂત્ત.

અથવા

(ગૃહસ્થો માટેના બુદ્ધ ધર્મના સિદ્ધાંતો.)

ગુજરાતીમાં યોજનાર.

માધવલાલ નભુભાઈ દ્વિવેદી

પ્રસિદ્ધ કર્તા.

માધવલાલ નભુભાઈ દ્વિવેદી.

ફુલચંદ બાપુજી શાહ.

સંવત. ૧૯૬૬ સન. ૧૯૧૦

કીંમત રૂ. ૦-૨-૦

ધી. "ગુજરાત" પત્ર પ્રીન્ટીંગ પ્રેસ–નડીયાદ.

પ્રસ્તાવના.

હિંદુઓએ માનેલા ચોવીસ અવતારોમાના વીશમા અવતાર રૂપ તથા દશાવતારમાં નવમ અવતાર રૂપ ગણાતા ભગવાન્ બુદ્ધના ગૃહસ્થો માટેના ઉપદેશોનો આ નાનકડા પુસ્તકમાં સમાવેશ થાય છે. બુદ્ધ ધર્મને નાસ્તિક માનનારાઓ, એ ધર્મનું રહસ્ય જરા પણ સમજ્યા હોય એમ લાગતું નથી. વર્તમાન કાલે દુનિયાની વસ્તીનો પોણો ભાગ આ ધર્મનો અંગિકાર કરે છે. દુનિયામાં જો કોઇ પણ દેશોમાં થોડામાં થોડા ગુનાહ બનતા હોય તો તે બુદ્ધ ધર્માનુયાયી દેશોજ છે, એજ તેના અનુયાયીઓના ચરિત્રમાં નીતિની છાપ પ્રત્યક્ષ દર્શાવી આપે છે. હિંદના સર્વ ધર્મો ઉપર આ ધર્મના જેટલી કોઇએ પણ અસર ઉપજાવી નથી. વર્તમાનમાં પણ જો સર્વ ધર્મો આ ધર્મનાં નીતિ સુત્રોનું અનુકરણ કરે તો સર્વ ધર્મ એકીકરણનો માર્ગ એકદમ ખુલ્લો થઇ જાય. આમ ના થતા સુધી વર્તમાનમાં આપણે ત્યાં પ્રવર્તતા મત પંથ સંપ્રદાય સમાજાદિના ના ઇચ્છવા યોગ્ય ઝગડાઓનો અંત આવવાનો નથી, એકતાનાં દર્શન મળવાનાં નથી.

મન વાણિ કર્મને એક માર્ગે દોરવનું શીખનાર નીતિ સર્વે ધર્મ અને દેશોમાં એકજ પ્રકારની હોય છે. અન્યના લાભને લક્ષમાં ના લેતા વ્યક્તિના સ્વાર્થની ખાતર યોજાયલા નીતિ સિદ્ધાંતોને નીતિનું નામ અપાય કે નહિ એ પણ સંશયાસ્પદ છે, એને તો વ્યવહાર કુશલતા દર્શનનું નામ આપીએ તો શોભે. આ નાનકડા પુસ્તકમાં સમાવેશ થતા નીતિ સિદ્ધાંતો સર્વે દેશ કાલ ધર્મને લાગી શકે એમ છે.

આ પુસ્તકમાં માત પિતાની આજ્ઞા ના પાળનાર એક નાસ્તિક પુત્રનું યોગ્ય દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે. મરતા પિતાની આજ્ઞા ફેરવવાની તેની મરજી થાય છે. અમુક આચાર પાળવાની પિતાએ કરેલી આજ્ઞા પાળવાનું તે કબુલ કરે છે. પ્રથમ તો તે આવો આચાર પિતાની આજ્ઞા ખાતર સમજ્યા વિના પણ કર્યા જાય છે. આકસ્મિક રીતે ભગવાન્ બુદ્ધનો તેને ભેટો થાય છે, તે તેને આચારનું રહસ્ય સમજાવે છે. ચાર પ્રકારના મનના વિકાર, ચાર પ્રકારનાં પાપી કર્માચરણ, વિત્તનો નાશ કરનાર છ કારણો ઇત્યાદિ વિષે તેને વિસ્તારથી ઉપદેશ આપે છે. આ સાંભળીને આચારનું રહસ્ય તેના સમજવામાં આવે છે, તથા આસ્તિક બનીને ધર્મમાં ઘણો આગળ વધી જાય છે. આમાં આ પુત્રને ઉદ્દેશીને આબાલ વૃદ્ધ સર્વને પાળવા, મનન કરવા યોગ્ય ધર્મ દર્શાવવામાં આવ્યા છે.

યુવાવસ્થામાં રોપેલાં નીતિ અને ધર્મનાં બીજ સારી રીતે ફાલી શકે છે. વર્તમાનમાં ઉપરના જેવા વડિલ ગુરૂ જનોનો તિરસ્કાર કરનારા નાસ્તિક યુવકો ઢગલેને ઢગલે મળી આવે છે. અમે તો અમારી બુદ્ધિ કબુલ કરે તો માનીએ, અમુક કરીએ વા ના કરીએ, એવા ગર્વમાં ફસાઇને આવા યુવકો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થાય છે. અમુક આચાર ના સમજાતો હોય તો પણ તે કરવાની ફરજ છે, કારણ કે એમ પણ કરવામાં આવે તો કોઇક કાલે તેનું રહસ્ય સમજવામાં આવે. આ ગ્રંથમાં આ બાબતનું ઉત્તમ દ્રષ્ટાંત મળી આવે છે, તે સર્વને વાંચી, વિચારી, વંચાવવા તથા વિચારાવવા વિનંતિ છે.

વર્તમાનમાં નીતિ ધર્મ શિક્ષણની સંસ્થાઓ ઉભી થવા લાગી છે એ શુભ ચિહ્ન છે. કૌટુમ્બિક ગુરૂ જનોના ઉપદેશ આદરવા... ઘણાં

વા નિરસ થતા આવા સ્વતંત્ર માર્ગે કાર્ય ચલાવવાની જરૂર ઉભી થઇ છે. વિદેશી અનુકરણો અને દ્રષ્ટાંતો કરતાં બાળકોને સ્વદેશી નીતિ નિયમો અને દ્રષ્ટાંતોજ સચોટ અસર ઉપજાવી શકે. આ લઘુ ગ્રંથ જોકે જોડવામાં બુદ્ધ ધર્મના નામથી ભડકવાનું નથી. સુગમ, સ્પષ્ટ, રહેમ, નિર્માણ થાય એવા નીતિ સિદ્ધાંતો જો કોઇ પણ ધર્મમાં હોય તો તે આમાંજ છે. અન્ય ધર્મોમાં પણ નીતિના ઉપદેશ છે, પરંતુ આવો સ્પષ્ટ રીતે આગળ તરતો નથી. ધર્મને, અમને બુદ્ધિ ધર્મનું નામ આપવું વધારે યોગ્ય લાગે છે.

બાળકોના હાથમાં આ પુસ્તક મુકી બરોબર સમજાવી મગજે ઉતારવામાં આવશે તો તેમના ચારિત્રમાં પ્રત્યક્ષ ફેરફાર હરકોઇના જોવામાં આવશે. આ પુસ્તકનું દરરોજ મનન થવાની જરૂર છે. આવા કાર્યમાં આબાલવૃદ્ધ સર્વે આનંદથી ભાગ લઈ શકશે.

નડીઆદ.
મહા શિવરાત્રી ૧૯૬૬
બુધવાર.

માધવલાલ નજુભાઈ દ્વિવેદી.



॥ सिंगालवाद सुत्त ॥

(અથવા)

સંસારી ગૃહસ્થો માટે બુદ્ધ ધર્મના સિદ્ધાંતો.

વંદનીય, પૂજ્ય, પૂર્ણ, ભગવાનને પ્રણામ.

આશરે ૨૪૫૦ વર્ષ પૂર્વે હિંદુસ્થાનના બિહાર પ્રાંતમાં આવેલા પ્રાચીન શહેર રાજગૃહમાં * એક ઉદાર અને મોટા મનનો બ્રાહ્મણ વસતો હતો; તે એક સુપ્રતિષ્ઠિત કુટુમ્બનો હતો; તેની સંપત્તિની ગણત્રી ચાલીશ લાખ સોનાના મહોરોની ગણાતી. તેની પેઠે તેની પત્ની પણ ધર્મનિ-

---

* રાજગૃહ પ્રાચીન મગધની રાજધાની હતું, રાજા બિંબિસાર રાજ્ય કરતા હતા; ગંગાની પૂર્વ ખીણના પ્રદેશમાં તે ઘણા સમર્થ રાજા હતા. એક આનંદ જનક ખીણમાં તે આવ્યું હતું; તેના નિકટ

ા હતી. બંને જણ બુદ્ધના ઉપદેશ વારંવાર સાંભળીને તેનાં પરમ ભક્ત બન્યાં હતાં. તેમનું ધર્માચરણ એટલું બધું ચુસ્ત હતું કે એ ઉભયેને પવિત્રતાના ચાર માર્ગોમાંના પ્રથમ માર્ગ રૂપ સોવનની ભૂમિકા પ્રાપ્ત થઇ હતી.

તેમને એક **શીગાલ** (શૃગાલ ?) નામનો પુત્ર હતો; તેને બુદ્ધમાં, તેના સિદ્ધાન્તમાં, તેના ભિક્ષુ સંઘમાં જરા પણ આસ્થા ન હતી, તેમજ ધાર્મિક નિયમોને આચારમાં મુકવાની બીલકુલ મરજી નહતી. તેનાં માતપિતા તેને વારંવાર આ પ્રમાણે શીખામણ આપતાં; " વ્હાલા પુત્ર,જા, બુદ્ધ, સારી પુત્ત (પુત્ર) ભિક્ષુ, મોગલ્લાન ભિક્ષુ, ભિક્ષુકાશ્યપ અથવા બુદ્ધના એંશી મૂખ્ય શિષ્યોમાંના કોઇની સાથે પણ સત્સગ કર."

શીગાલે હમેશ પ્રમાણે ઉત્તર વાળ્યો, " પિતા-

માં આસપાસ પાંચ ટેકરીઓ આવી હતી; તે વિંધ્યા પર્વતોની ઘણીજ ઉત્તરની શાખાઓ હતી. વર્તમાનમાં તેને **રાજગીર** અથવા **રાજગૃહ**ના નામથી ઓળખવામાં આવે છે. હિંદના આર્કીઓલોજીકલ કમિશનર **જનરલ કનિંગહામની** શોધોથી આ સ્થાન ખાત્રી પૂર્વક નિશ્ચિત થયું છે, તેમાં શંકાની ગંધ પણ સંભવતી નથી. **બિંબિસારે** બંધાવેલી રાજધાનીની દિવાલોનાં ખંડિએરા હજુ પણ મળી આવે છે.

પ્રો. રાઇસ. ડેવીડસ—બુદ્ધિઝમ.

જી! આવા ધાર્મિક ભિક્ષુઓનો સંગ કરવાનું મારે કંઈપણ કામ નથી. જો હું આવા પૂજ્ય ગુરૂઓ પાસે જાઉં તો મારે નીચા નમીને તેમનું પૂજન કરવું પડે. નીચા વળીને શરીર નમાવતાં મારી પીઠ દુઃખવા આવે, મારાં ઘુંટણોએ આંટણ પડે. પલાંઠી વાળીને ભૂમિ ઉપર બેસતાં મારાં લૂગડાં મેલાં થઈને ફાટી જાય. તેમની પાસે બહુ વાર બેસતાં મારી સાથે તેઓ વાતચિતનો આરંભ કરે. વાતચિતમાંથી તેમની સાથે મૈત્રી બંધાવાનું પરિણામ આવે. પછીથી મારે તેમને માટે ભિક્ષા, લૂગડાં, બિસ્તર, દવાઓ ઈત્યાદિ પૂરૂં પાડવું જ પડે. તેમની આવી જરૂરીઆતો પૂરી પાડતાં મારે મારૂં કામ મૂકી દેવું પડે; તેમની પાછળ ઘણા પૈસા ખર્ચવા પડે. માટે વ્હાલા પિતાજી! મારે આપના પૂજ્ય ભિક્ષુઓનો સંગ કરવાનું જરા પણ કામ નથી.”

માતપિતા જે જે કરવાનું કહે તેનાં આવાં કારણો બતાવીને શીગાલ હમેશાં તેમથી દૂરને દૂર નાસતો; આ પ્રમાણે તે ધર્મ માટે બીલકુલ બેદરકાર બની ગયો. પોતાની હયાતીમાં માતપિતાએ પોતાના પુત્ર પાસે ધાર્મિક જીવન ગાળાવવાના, ભગવાન બુદ્ધ પ્રત્યે તેની પૂજ્ય બુદ્ધિ ઉપજાવવાના જીવતોડ પ્રયત્નો કર્યા, પરંતુ તેમના પ્રયત્નોની કંઈપણ અસર થઈ નહિ.

જીવનના અવસાન સમયમાં વૃદ્ધ પિતાએ હજુ પણ એકના એક દિકરાની દયા લાવીને આ પ્રમાણે વિચાર્યું:—

“ એક મરવા પહેલો મનુષ્ય પોતાનાં બાલકોને જે જે કહે છે તે હમેશાં યાદ રાખવામાં આવે છે. હું મારા પુત્રને બોલાવીશ અને હજુ પણ તેને ધાર્મિક જીવન ગાળવાનો આગ્રહ કરીશ. હું તેને દુનિયાની છ દિશાઓની પૂજા કરવાનો ઉપદેશ આપીશ. તેમાં સમાવેશ થતા અલંકારિક અર્થ પ્રત્યે દુર્લક્ષ્ય કરીને મારો પુત્ર છ દિશાઓને પૂજવાનો પ્રારંભ કરશે. એકાદ પ્રસંગે કદાચ એમ બને કે તે આ વિધિ આચરતો હોય તેવામાં ગમે તો ભગવાન બુદ્ધ અથવા તેમના એકાદ શિષ્યના જોવામાં તે આવે અને તેના આચાર વિષે તેની પાસે ખુલાસો માગે. તે ઉતર આપે કે “મારા મરવા પહેલા પિતાજીની છેલ્લી આજ્ઞાને આધિન થઇને હું આ છએ દિશાઓની પૂજા કરૂં છું.” આ સાંભળીને બુદ્ધ અથવા તેમના એકાદ શિષ્ય કહેશે, “ તમારા પિતાજી છ દિશાઓની આ પ્રમાણે પૂજા કરતા નહોતા;” પછીથી તેને આવા આચરણની ખરી ખુબી સમજાવશે; પછીથી તે ખુલાસો સાંભળશે, સમજશે; ઉપદેશ ગ્રહણ કરીને સદાચારી કાર્યો કરવા માંડશે; આવા આચરણ વડે તે આ અને આવતી ઉભય દુ-

નિયામાં સુખી બનશે. "

મનમાં આમ વિચારીને મરવા પહેલા બ્રાહ્મણે, પોતાના વ્હાલા પુત્રને બોલાવી મંગાવીને આ પ્રમાણે કહ્યું:—

" મ્હારા વ્હાલા પુત્ર, હવે મારી વય પાકી થઇ છે. મારી જીંદગીનો અંત હવે પાસે આવતો જાય છે. થોડા સમયમાં તને છોડીને હું આ દુનિયાંનો સમુદ્ર તરીને બીજી દુનિયામાં જઇશ. છેલ્લો શ્વાસ છૂટતા પહેલાં તને એક આજ્ઞા આપવાની મારી મરજી છે. મ્હારા વ્હાલા લાડકા કહે કે તું તે પાર પાડવાને કબુલ થઇશ."

" મ્હારા વ્હાલા પિતાજી," દીલગીર થયલા શીગાલે માન સહિત કહ્યું,

" તમે આ સમયે ગમે તેવી આજ્ઞા કરો તે પાર પાડવાનું હું ખાત્રીથી ધર્મના સોગંદ ખાઇને વચન આપું છું."

" વ્હાલા પુત્ર, મારી આજ્ઞા આટલીજ છે. તારે સવારમાં સ્નાન કર્યા પછી દરરોજ પૃથ્વીની છએ દિશાઓની પૂજા કરવી: પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, આકાશ અને પાતાલની."

આટલામાં કોઈ જાતની મહેનત કે માથાકુટ પડવાની નથી એમ વિચારીને શીગાલે ઉત્તર આપ્યો; " વ્હાલા પિતાજી, આપની આજ્ઞા પ્રમાણે દરરોજ વર્તવાનું હું વચન આપું છું."

થોડા દિન વિત્યા પછી ધર્મપરાયણ બ્રાહ્મણ મરણ પામ્યો; શીગાલે પણ પોતાના નિયમ પ્રમાણે નિત્ય આચાર પાળવા માંડયો.

દરરોજ પ્રાતઃકાલમાં ભગવાન બુદ્ધ ઘણા વ્હેલા ઉઠતા; દુનિયામાં ચારે તરફ પોતાની દિવ્ય દૃષ્ટિ ફેંકતા; તે દિને પોતાના આત્મબલનો; અમૂલ્ય લાભ કોને આપવો તેનો નિશ્ચય કરતા. પોતાના પિતાને આપેલા વચન પ્રમાણે છએ દિશાઓને નમસ્કાર કરવાનો વિધિઆચરતો યુવાન શીગાલ એક દિનેઆ સમયે તેમની દૃષ્ટિએ ચઢયો, ભગવાને વિચાર્યું, " હું આજે ને આજેજ શીગાલને મળીને, તેને એકલાનેજ નહિ પરંતુ બધા ગૃહસ્થોને પણ ઉપયોગી થઇ પડે એવા વ્યાખ્યાન વડે બોધ કરીશ " આ ઉપરથી શીગાલને આપવામાં આવેલા આ વ્યાખ્યાનનું નામ, " શીગાલવાદ સૂત્ત " પાડવામાં આવ્યું છે. શીગાલને આપવામાં આવેલા ઠપકા રૂપ ઉપદેશના વ્યાખ્યાનનો તેમાં સમાવેશ થાય છે; સૂત્ત પિટકના દિર્ઘનિકાયના

પાલિક વર્ગમાં તે નીચે પ્રમાણે મળી આવે છે:—

શીગાલવાદ સૂત્ત.

૧. આ મારા (આનંદના+) સાંભળવામાં આ પ્રમાણે આવ્યું. એક સમયે પૂજ્ય ભગવાન્ રાજગૃહમાં

+ [આ વિષેના વિશેષ ખુલાસાઓ ટીકાઓમાં મળી આવે છે. આમને સૂત્તથી જુદી પાડવા માટે ફૂટનોટો આપવામાં આવશે તેમાં આરંભમાં (ટીકા) આમ લખવામાં આવશે] ભગવાન બુદ્ધ પછી હિંદમાં ત્રણ સભાઓ મેળવવામાં આવી હતી. પ્રથમ રાજગૃહમાં (ગુફા મંદિરમાં) ૫૦૦ મહાથેરાઓ (વૃદ્ધ અને પૂજ્ય ભિક્ષુઓ) ની મળી હતી; તેના પ્રમુખ પૂજ્ય મહાકાશ્યપ હતા; આ સભા બુદ્ધના મરણ પછી ચાર માસે મળી. રાજા અજાતસત્તુ (શત્રુ) ની સહાયથી આ મેળવવામાં આવી હતી. બીજી સભા વૈસાલિમાં કાલાશોક રાજાની સહાયથી પૂજ્ય યસાના પ્રમુખપણા નીચે ૭૦૦ મહાથેરાઓ સહિત, બુદ્ધના મરણ પછી ૧૦૦ વર્ષે મળી હતી. ત્રીજી સભા પાટલિ પુત્રમાં (વર્તમાન પટણા) સુવિખ્યાત હિંદી મહારાજાધિરાજ ધર્માશોકની સહાયથી બુદ્ધના મરણ પછી ૨૦૦ વર્ષે મળી હતી. આ સભામાં ૧૦૦૦ મહાથેરાઓ હતા, પ્રમુખસ્થાને પૂજ્ય મોગ્ગલી પુત્તતિસ્સા હતા. થેરાઓના આ સભાઓમાં જેને જે વ્યાખ્યાનો આવડતાં હોય તે આપવામાં આવતાં; આ સુત્ત જેવું સાંભળ્યું હોય તેવું આનંદ બુદ્ધનો મુખ્ય શિષ્ય હતો. આનંદ થેરાએ કહેલું હોવાથી, તેનો તે પ્રમાણે સંગ્રહ થયો છે

કલન્દક નિવાપ નામના અરણ્યમાં વેણુવનારામમાં ૬ બિરા-જતા હતા.

૨. આ સમયે શગાલ નામનો એક ગૃહસ્થ પ્રાતઃ કાલમાં ઘણો વ્હેલો ઉઠીને, રાજગૃહ શહેર બહાર જઈને, ભીનાં કપડાં પહેરીને, ભીના ટપકતા વાળ સહિત, કપાળ આગળ પૂજ્ય બુદ્ધિથી બન્ને હાથ જોડી રાખીને, પૃથ્વીની પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, આકાશ, પાતાળ રૂપી વિવિધ દિશાઓને પ્રણામ કરતો હતો.

---

૬ (ટીકા) વેણુવનનો અક્ષરાર્થ વાંસનું વન થાય છે. બિંબિસાર રાજાએ બુદ્ધ અને તેમના શિષ્યોનું નિવાસસ્થાન તેમાં બંધાવી આપેલું હોવાથી તેનું વેણુવનારામ નામ પાડવામાં આવ્યું. ભિક્ષુઓનું આ નિવાસસ્થાન અથવા તે સમયે કહેવાતું તેમ આરામ, કલંદકનિવાપ નામના બાગમાં આવેલું હતું પુરાતત્ત્વની શોધ કરતી, ટીકામાં મળી આવતી નીચેની થોડીક બીનાથી વાચકને આનંદ થશે. "કલન્દનિવાપ" નો અર્થ "ખીસકોલીઓને રહેવાનું સ્થાન" એવો થાય છે. તે સમયે એ દેશમાં ખીસકોલીઓને દાણા નાખવાના ચાલના ચાલને લઇને આ બાગનું નામ કલંદક પાડવામાં આવ્યું હતું. આ ચાલની ઉત્પત્તિ આ પ્રમાણે થઇ:—

"પ્રાચીન સમયે એક રાજા પોતાના દરબારીઓ સાથે મોજ-મઝાહ કરવા આ બાગમાં ગયો. થોડી રમતગમત પછી રાજાએ થોડોક દારૂ પીધો, તેથી તે નિશામાં ચકચુર થયો. હાલવા ચાલવાની

૩. પ્રભાતમાં આ સમયે, બંને ખભાને ઢાંકી લેતો લીલો ઝભ્ભો પહેરીને, હાથમાં ભિક્ષા પાત્ર લઇને ભગવાન્ બુદ્ધ ભિક્ષા માગવા માટે રાજગૃહ તરફ ચાલ્યા. પ્રાતઃ કાલમાં વ્હેલા ઉઠેલા, રાજગૃહની બહાર આવેલા, ભીનાં વસ્ત્ર પહેરેલા, ટપકતા ભીના વાળ વાળા, પૂજ્ય બુદ્ધિથી કપાળ આગળ બન્ને હાથ જોડી રાખીને પૂર્વ, દક્ષિણ, પ-

શક્તિ ના રહેતાં, તે જમીન ઉપર પડ્યો, એકદમ મૂર્છામાં પડ્યો. રાજા થોડીક ઉંઘ કાઢે છે એમ ધારીને, આસપાસની વિવિધ સુંદર વનસ્પતિની આકર્ષ સુગંધથી મોહ પામીને દરબારીઓ બાગમાં ચારે પાસા વિખરાઇ ગયા. રાજાના મુખમાંથી આવતી સુગંધથી આકર્ષાઈને એક વૃક્ષની બખોલમાંથી એક ઝેરી સર્પ બહાર આવ્યો, તે જ્યાં પડ્યો હતો ત્યાં ધસવા લગ્યો. એક વિશાલ છાયાવાળા નજીકના વૃક્ષમાં વસતા દેવે રાજા ઉપર આવી પડેલા ભયને જોયો, તેની જીંદગી બચાવવાનો નિશ્ચય કર્યો. તેણે ખીસકોલીનું રૂપ લઇ રાજાના કાન પાસે જઇને ઘણી બુમો પાડવા માંડી. કાન ફાડી નાખે એવી બુમોથી ગભરાટ થતાં રાજા જાગ્યો, ભય પામીને ચારે પાસ જોતાં પાસે આવી પહોંચેલા સર્પને જોયો; તેણે વિચાર્યું, આજે મારી જીંદગી ખીસકોલીએ બચાવી છે. પોતાનો આભાર દર્શાવવાને રાજાએ ત્યારથી આજ્ઞા કરી કે રાજગૃહમાંથી દરરોજ ખોરાક લાવીને આ ભૂમિની ખીસકોલીઓ ને ખવરાવવો. આ ઉપરથી ખીસકોલીઓને ખવાડવાનો ચાલ પડ્યો બાગનું **કલંદક નિવાપ** નામ પાડવાનું પણ આજ કારણ-

શ્ચિમ, ઉત્તર, આકાશ અને પાતાળ રૂપી ભિન્ન ભિન્ન દિશાઓને પ્રણામ કરતા ગૃહસ્થ શીગાલને જોઇને તેઓ તેના પ્રત્યે આ પ્રમાણે બોલ્યા:—

૪. " હે ગૃહસ્થ, તું શા માટે પ્રભાતમાં વ્હેલો ઉઠી, રાજગૃહની બહાર આવી, ભીનાં વસ્ત્ર પહેરી, ભીના ટપકતા વાળે, પૂજ્યતાથી કપાળ આગળ બે હાથ જોડી, પૃથ્વીની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, આકાશ, પાતાળ રૂપી જુદી જુદી દિશાઓને પ્રણામ કરે છે? "

૫. " પ્રભુ ! " શીગાલે કહ્યું, " મરતી વખતે મારા બાપે મને બોલાવીને આ પ્રમાણે કહ્યું; " " વ્હાલા પુત્ર હવેથી તું ભક્તિ ભાવથી પૃથ્વીની છ દિશાઓને પ્રણામ કરજે. " તેથી હે પ્રભુ! મારા પિતાની પવિત્ર આજ્ઞાને માન આપીને, હું સવારમાં વ્હેલો ઉઠી, રાજગૃહની બહાર આવી, ભીનાં વસ્ત્રે, ભીના ટપકતા વાળે, પૂજ્યતાથી હાથ જોડીને, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, આકાશ, પાતાળ રૂપી વિવિધ દિશાઓને પ્રણામ કરૂં છું. "

" ૬. હે ગૃહસ્થ, છ દિશાઓની શા રીતે ભક્તિ કરવી તે બુદ્ધના ધર્મમાં આ પ્રમાણે દર્શાવવામાં આવ્યું નથી. "

૭. ધર્મમાં! બુદ્ધના પ્રભુ " પૂજ્ય દર્શાવ્યા પ્રમાણે

છ દિશાઓની ભક્તિ કરવાનો અન્ય કોઈ પ્રકાર હોય તો તેવો સિદ્ધાન્ત મને સમજાવશો, કારણ કે તેથીજ મને લાભ થશે."

૮. "જો એમજ હોય તો હે ગૃહસ્થ! સાંભળ, ખરેખર મનમાં રાખ, હું તને તે વિષે સમજાવું છું."

૯. "બહુ સારૂં મારા પ્રભુ," ભગવાન પ્રત્યે હુકારના જવાબમાં શીગાલે કહ્યું.

૧૦. પછીથી ભગવાન્ બોલ્યા:—"હે ગૃહસ્થ! ગમે તેવાં સાધનો વડે બુદ્ધના શિષ્યોએ મનના આ પ્રકારના વિકારોનાં મૂલ ઉખાડી નાંખવાં જોઇએ; ચાર પ્રકારે પાપી કર્મોના આચરણમાંથી દૂર રહેવું જોઇએ; સમૃદ્ધિનો નાશ કરનાર છ મૂલ કારણોનો સંગ ના કરવો જોઇએ. આ પ્રમાણે છએ દિશાઓમાંથી અશુભ દૂર થાય છે. આ પછી તે દુનિયામાં પોતાની સમૃદ્ધિના વધારનાર થશે, આવતી દુનિયાના શુભ માટેની તૈયારીઓ પણ કરશે, મરણ પછી દેહ વિખેરાઈ જતાં, જ્યાં સુખાનંદ સર્વોપરી વર્તે છે એવા દેવ લોકમાં તેમનો જન્મ થશે."

૧૧. હે ગૃહસ્થ! બુદ્ધના શિષ્યે દૂર કરવા જેવા મનના ચાર વિકારો કયા છે? તે આ પ્રમાણે છે:—

[૧] જીવની હિંસા કરનારનું પાપ*

[૨] જે આવ્યું હોય તે લેવાનું પાપ.

[૩] અન્યાયી વ્યભિચારમાં મહાલવાનું પાપ.

૪] અસત્ય હોય એવું બોલવાનું પાપ.

* (ટીકા) ૧—હિંસા.

સાધારણ અર્થ પ્રમાણે જીવવાળું હોય તે પ્રાણી (સત્વ) ગણવામાં આવે છે. આવું પ્રાણી પાંચ અંગભૂત અવયવોનું બનેલું છે.

(૧) જડ ગુણો (રૂપ)

(૨) ઇન્દ્રિયજ્ઞાન (વેદના)

(૩) ભાવવાચક વિચારો (સંજ્ઞા)

(૪) મનનાં વલન (સંસ્કાર)

(૫) ચેતના (વિજ્ઞાન)

હિંસાનું પાપ પુરૂ થવાનીસેનાં પાંચવાનાં ખાસ જરૂરનાં છે:—

(૧) તે પદાર્થ એક પ્રકારનું પ્રાણી છે એવું જ્ઞાન.

(૨) એ પ્રાણીને જીવ છે એવું જ્ઞાન.

(૩) એ પ્રાણીને મારવાનો નિશ્ચય.

(૪) જીવ લેવાને લેવાતાં સાધનો.

(૫) હિંસાનું કાર્ય

આ પાંચમાંના એકની પણ ગેરહાજરીમાં આ પાપ સંપૂર્ણ થતું નથી.

હિંસા, ચોર કર્મ, જારી અને જુઠ એ કોઈ પણ જ્ઞાની પુરૂષ ના વખાણે એવાં પાપ છે.

બુદ્ધના શિષ્યે દૂર કરવા જેવા મનના આવા ચાર વિકારો છે.

આમ ન આચરવાથી માનવિને ભોગવવાં પડતાં કર્મનાં કેટલાંક ફળ નીચે પ્રમાણે છેઃ—લાંબા સમય માટે નર્કયાતના; અધમ આકાર નાં પ્રાણીઓમાં જન્મ; માનવિરૂપે જન્મતાં દેહના કેટલાક અવયવો બગડેલા અથવા બીલકુલ નથી હોતા; તે નબળા, દેખાવમાં કદરૂપા, લોકનો તિરસ્કાર પામેલા, બાયલા, મિત્રો વિનાના, અનેક રોગવાળા, નિરાશા અને શોક ભર્યા, પ્રેમી માનવોના સાથથી વિખુટા, મોટી ઉમ્મરે પહોંચવાને અશકત હોય છે.

૨–ચૌર્ય.

ચોરના કર્મનાં ફલો કેટલાંક આ પ્રમાણે ગણાવી શકાયઃ—લાંબા સમય સુધી નર્કમાં ભારે યાતના, બીજા ગુણોને લીધે માનવિ રૂપે જન્મતાં તેના વિવિધ પ્રસંગો પણ માલ વિનાના હોય છે, તે સમૃદ્ધિ વિનાનો, વિત્ત મેળવવાને અશકત, મેળવેલું ખર્ચવાને સશકત હોય છે; રાજા, લુટારા, પુર અને આગના ભયમાં હોય છે; વિષય ભોગ ભોગવવા અસમર્થ, લોકોથી નિંદાયલા, અસાંતષી હોય છે.

૩–જાર.

અન્યાયી વ્યભિચારમાં મહાલવાથી દેહ વડે અકીર્તિકર કર્મ અને અનીતિ થાય છે, આથી આવતી દુનિયામાં ઘણું અશુભ થાય છે.

૧૨. આ સર્વ આ પ્રમાણે દર્શાવીને ગૃહસ્થના મનમાં આ બાબતની સારી અસર કરવાને ભગવાન વળી એક શ્લોક બોલ્યા.

૧૩. હે ગૃહસ્થ ? કયા ચાર માર્ગે બુદ્ધનો શિષ્ય પાપી આચરણ નહિ કરે ?

[૧] તૃષ્ણાથી અન્યાય તરફ દોરાતાં તે પાપ આચરશે નહિ

[૨] ક્રોધથી અન્યાય તરફ દોરાતાં તે પાપ આચરશે નહિ.

આનાં કેટલાંક અશુભ ફલો આ પ્રમાણે થાય છે:—કરોડો વર્ષ સુધી ચાર નર્કોમાં દુઃખયાતના; પૂર્વ જન્મનાં શુભ કર્મોથી થતા માનવ જન્મમાં તેના ઘણા શત્રુ થાય છે, લોક તેનો તિરસ્કાર કરે છે, ગરિબ થાય છે. સુખી આવાસ, ખોરાક અને વસ્ત્ર પણ મેળવી શકતો નથી; ક્રોધથી ભરેલો થાય છે. ઇત્યાદિ.

૪—જુઠ.

અસત્ય હોય તે કહેવું, સત્ય હોય તે એવી રીતે સંતાડવું કે અસત્ય હોય તેજ સત્યરૂપે જણાય તેનું નામ જૂઠ. આનાથી નિપજતાં અશુભ ફલોમાં નર્કોની યાતનાનો અને દુનિયામાંના ભાવિ જન્મોના દુઃખોનો સમાવેશ થઇ શકે છે.

[૩] ભયથી અન્યાય તરફ દોરાતાં તે પાપઆચરશે નહિ.

[૪] અજ્ઞાનથી અન્યાય તરફ દોરતાં તે પાપ આચરશે નહિ.

હે ગૃહસ્થ ! બુદ્ધનો શિષ્ય તૃષ્ણાથી દોરાઇને, ક્રોધથી પ્રેરાઇને, ભયથી ત્રસ્ત થઇને, અજ્ઞાનથી દોરાઇને પાપનું આચરણ કરશે નહિ. આવા ચાર માર્ગે બુદ્ધનો શિષ્ય પાપ ભરેલાં કાર્યો કરશે નહિ.

૧૪. આટલી બાબતો કહીને ભગવાન નીચે પ્રમાણેના અર્થનો એક શ્લોક બોલ્યા

જે કોઈ કામ, ક્રોધ, ભય, અજ્ઞાનથી દોરાઇને ઉપદેશોનો ભંગ કરીને પાપ આચરશે તેની કીર્તિ કૃષ્ણ પક્ષના ચંદ્રની પેઠે ક્ષીણ થતી જશે. જે કોઇ કામ, ક્રોધ, ભય, અજ્ઞાનથી દોરાઇને ઉપદેશોનો ભંગ નહિ કરે તથા પાપાચરણથી દૂર રહેશે તેની કીર્તિ શુકલપક્ષના ચંદ્રની પેઠે વૃદ્ધિ પામશે !

૧૫. હે ગૃહસ્થ ! બુદ્ધના શિષ્યથી નાપળાતાં વિત્તના વિનાશનાં મૂળ છ કારણો કયાં છે ?

હે ગૃહસ્થ તે નીચે પ્રમાણે છે:—

(૧) નશો ચઢાવે એવા આસવોનો ઉપયોગ અને વિક્રય, એ વિત્તના વિનાશનું એક મૂખ્ય કારણ છે. *

(૨) અયોગ્ય સમયે રાજ માર્ગોમાં ભટકવાની બાબત પણ વિત્તના વિનાશનું એક મૂખ્ય કારણ છે.

(૩) નાચ અને ગાનતાનનાં સ્થલોમાં વારંવાર જવું એ વિત્તના વિનાશનું એક મૂખ્ય કારણ છે.

(૪) જરૂરનાં કાર્યોનો ત્યાગ કરાવનાર જુગારમાં પ્રવૃત્ત થવું, એ વિત્તના વિનાશનું એક મૂખ્ય કારણ છે.

---

* (ટીકા) નશો ચઢાવે એવા આસવો.

આવેશમાં ઉશ્કેરનાર અથવા અતિ ખુશીમાં દોરનાર કોઈ પણ પીણાને નશો ચઢાવે એવો આસવ કહી શકાય. નશાના પ્રવાહીઓ બે પ્રકારના હોય છે. બાષ્પીકરણથી મેળવાતો ઉડી જાય, સળગે એવો કોઇ પણ પ્રવાહી આસવ છે; ફુલ પુષ્પાદિમાંથી કોવડાવીને મેળવેલો સુરા છે.

નશાના પીણાથીનીપજતાં કેટલાંક અશુભ ફલો નીચે પ્રમાણે થાય છે: યોગ્ય સમયે અમુક બાબત શી રીતે કરવી તેનું તેને જ્ઞાન હોતું નથી; તે ભાન વિનાનો, ગાંડા જેવો, કમ અક્કલ, આલસુ; નીચ મનનો વિષયી, સુસ્ત, ભટકતો, બીકણ, ગર્વિષ્ઠ, દ્વેષી, જુઠો ગપ્પાખેર, બબડતો, આભાર રહિત, માયા રહિત, દુરાચારી, અપ્રમાણિક, લાજવિનાનો, વિકારી, પાપ કરવાની વૃત્તિવાળો, હાજર જવાબી વિનાનો, નિરક્ષર, ઉપયોગી અને નિરૂપયોગી સમજવાની શક્તિ વિનાનો થાય છે.

(૫) અસદાચારી મિત્રોનો સહવાસ, એ વિત્તના વિનાશનું એક મૂખ્ય કારણ છે.

(૬) આલસની ઉપાસના વિત્તના વિનાશનું એક મૂખ્ય કારણ છે.

૧૬. હે ગૃહસ્થ! નશો અને દીર્ઘસૂત્રિતા ડ કરાવનાર આસાવના ઉપયોગથી પરિણામ પામતાં છ અશુભ ફલો થાય છે;

તે આ પ્રમાણે:—

(૧) વિત્તનો ઉડાઉ ઉપયોગ.

(૨) તકરારો ઉભી કરવી.

ડ તાડી ઈત્યાદિ જેવી આસવની દરેક બાબત અથવા અફીણ ભાંગ જેવા નશો કરનાર પદાર્થોનો આસવ અને સુરામાં સમાવેશ થાય છે.

એમ કહેવાય છે કે સુરા નામના શીકારીએ પીણાંનો નશાકારક ગુણ શોધી કાઢયો હતો, એ વાત લક્ષમાં લઇને નશાકારક પીણાંનું તેના નામ પ્રમાણે સુરા નામ પાડમાં આવ્યું.

સુરાની લતમાં પડેલો માનવિ, પોતાના ભાગ્યમાં લખેલા અનાદિ દુઃખ અને મહાનશોકને ના જોતાં, વેપાર, ખેતી આદિ અન્ય ધંધાથી મેળવેલા ગમેતેટલા ધનને ઉડાવી દેવામાં બેદરકાર બને છે. નશાની દશામાં તે ગાળોવાળી ઉશ્કેરનારી ભાષા વાપરે છે, જેથી તકરારો

(૩) અનેક પ્રકારના રોગ ઉપજાવવાનું વલન.
(૪) અશુભ ખ્યાતિની પ્રાપ્તિ.
(૫) લાજ અને માનના ભાન વિનાના બનવું.
(૬) બુદ્ધિના બલનો બીગાડ.

હે ગૃહસ્થ! નશો અને વિલંબ ઉપજાવના આસવો ના ઉપયોગથી આવા પ્રકારનાં છ અશુભ ફલો થાય છે.

થાય છે. જયારે તે સુરાનો નિત્ય ભકત થાય છે, ત્યારે તેને ખોરાક માટે તિરસ્કાર આવે છે. આથી તેનું શરીર બલ ઓછું થાય છે પોષણમાં હાની થાય છે; માનસિક અવ્યવસ્થા થઇ ને અનેક પ્રકારના રોગ થાય છે. નિશામાં માત પિતાને પણ ઓળખવાની શકિતમા ના હોવાથી, તેમના સાથે પણ તે ખરાબ ભાષા વાપરે છે, કોઇકોઇ વ ર તેમના પર હુમલો કરે છે. આ વાર્તા બહાર પસરતાં, પોતાનાં માત પિતા સાથે અયોગ્ય વર્તન કરવા માટે તેનો તિરસ્કાર થાય છે, ધીમે ધીમે દુષ્ટની શિક્ષાને પાત્ર થાય છે. આથી તેની કીર્તિને ખલેલ થાય છે. સમાજમાં સારી રીતે જણાવાનું તથા પોતાની નગ્નતાને ઢાંકવાનું પણ તેને ભાન હોતું નથી, આ પ્રમાણે તે લાજ મર્યાદા વિનાનો થઇ જાય છે. સારાં કામ કરવાના તેના મનમાં આવતા વિચાર નિરસ લાગવાથી દૂર જતા રહે છે. તેની સમજ શકિત શિથિલ પડી જાય છે; આ સર્વથી બુદ્ધિનો પણ બ્રંશ થાય છે. દષ્ટાંત તરીકે સાગલથેરના દષ્ટાંતમાં ભગવાન બુદ્ધના સમક્ષ તેને થોડુંક નિશાનું પીણું પીવાની ફરજ પાડવામાં આવતાં તે તેમની હાજરીમા પણ સારી રીતે વર્તો નહોતો.

૧૭. હે ગૃહસ્થ! અયોગ્ય સમયે જનવ્યવહાર માર્ગોમાં ફરવાથી છ પ્રકારનાં અશુભ ફલો થાય છે. * આ પ્રમાણે વર્તનાર માનવિ નીચેની બાબતોને આધિન બનશેઃ—

(૧) તેનો દેહ ભયમાંથી બચેલો રહેશે નહિ, અરક્ષિત રહેશે.

---

* (ટીકા) રાત્રે ઘણા સમય પછી ભટકનાર માનવિને કાંટામાંથી જવું પડશે, તેના પગમાં વાગી પણ બેસશે કાચના કકડા પણ વાગી બેસે પથરા અથવા કાંટાવાળા ખાડામાં પડી જવાય. ઝેરી સર્પ પણ કરડી બેસે, ભુત પ્રેત પિશાચ આદિના ભયમાં આવવું પડે, અમુક માર્ગેથી તે જનાર છે એમ જાણીને શત્રુઓ સંતાઇ રહીને હુમલો કરે, મારી પણ નાખે. રાત્રે બહાર ભટકનારના માથા ઉપર આવા ભય ભટકતા હોય છે. તેનો દાખલો લઇને તેની પત્ની, બાલકો, ચાકરો વિ. રાત્રિએ બહાર ભટકવા જવાનો આરંભ કરશે; આ પ્રમાણે ભયમાં સપડાશે. અમુક ઘરનાં માણસો રાતે દરરોજ બહાર જાય છે, એવું ચોરોના જાણવામાં આવતાં લાગ જોઇ ઘર ફાડીને જેજે મરજીમાં આવે તે લઇ જશે; આ પ્રમાણે ઘરનો સરસામાન પણ અરક્ષિત રહેશે. રાતે ભટકવાના માર્ગમાં ચોરી કે એવું કાંઇ બીજૂ કાર્ય થયુ હોય તે સમયે ગુનેગારને પકડવાના ધાંધલમાં કદાચ તેજ શક ઉપરથી પકડાઇ જાય; આમાંથી ડાઘ વિનાના બચી જવું એ કંઇ નાનીસૂની વાત નથી. તે ભટકતો હોય એવા માર્ગ અથવા

(૨) તેની પત્ની અને બાલકો ભયથી બચેલાં રહે-શે નહિ; અરક્ષિત રહેશે.

(૩) તેની મિલ્કત પણ ભયથી બચેલી રહેશે નહિ, અરક્ષિત રહેશે.

(૪) તેને એક શંકવાળો પુરૂષરૂપે ગણવામાં આવે છે.

(૫) તે નિરપરાધી હોવા છતાં તેનું નામ લાંછન કારક કાર્યો સાથે જોડવામાં આવે છે.

(૬) તે અનેક સંકટ અને દુઃખમાં સપડાય છે.

અયોગ્ય સમયે રાત્રે માર્ગોમાં ભટકવાથી નિપજતાં, હે ગૃહસ્થ! છ અશુભ ફલો આવા પ્રકારનાં છે.

૧૮ નાચ અને ગાનતાનની તથા તેવી અન્ય મંડલિઓ માં જવાથી હે ગૃહસ્થ! છ અશુભ ફલો ભોગવવાં પડે છેઃ× આવાં ર લોમાં ફરનાર માનવિ—

સ્થાનમાં જ્યારે કંઇ લુટફાટ અથવા ખૂણોમાં નુકશાન થાય, ત્યારે તેનું નામ પણ ગુનેગારની સાથે જોડવામાં આવે છે, જો કે તેણેતો કોઇ કાલે આવું કંઇ પણ કરવાનો વિચાર સુદ્ધાંત કર્યો હોતો નથી છતાં આમ થાય છે. આ પ્રમાણે અયોગ્ય સમયે ભટકવાથી તેને અનેક પ્રકારના દુઃખ; સંકટ; અપમાન, નુકશાન વેઠવા પડે છે.

× (ટીકા) અમુક સ્થલ અથવા ગામમાં નાચ થવાનો છે એ-મ [illegible]ગીને ત્યાં જવાની કામના વાળો માનવિ જવા માટે તૈયાર

(૧) જ્યાં નાચ થવાનો હોય તે સ્થળની શોધ કરીને ત્યાં જશે.

(૨) જ્યાં ગાનતાન થવાનું હોય તે શોધીને ત્યાં જશે.

(૩) જ્યાં વાદ્યોથી ગમત થવાની હોય તે શોધીને ત્યાં જશે.

(૪) જ્યાં કથા વાર્તા કહેવાની હોય તે ખોળીને ત્યાં જશે.

થાય છે, લુગડાં લત્તાં સજ્જ કરે છે, ધંધામાં કાર્યોમાં રોકાવાનો સમય આમાં ચાલ્યો જાય છે; આ પ્રમાણે તેનું કરવા યોગ્ય કાર્ય અધુરૂં રહે છે.

આવી નકામી મોજમઝા જોવામાં તે એક બે દિન રોકાઇ જાય છે. આ મુસાફરી દરમીયાન વર્ષાનું ઝાપટું પડે તો તેથી પણ તેને લાભ થતો નથી કારણ કે ખેતરની વાવણીનો સમય ગુમાવે છે. આ પ્રમાણે વાવવામાં નિષ્ફળ નિવડતાં તેની આવકનો એક ભાગ કપાઇ જાય છે, તેણે એકઠું કર્યું હોય તેમાંથી ખર્ચ કરવું પડે છે.

અમુક ગૃહનાં વાસિયો નાચ તાન જોવા અમુક ગામ અથવા સ્થાનમાં ગયાં એવું જાણવામાં આવતાં, ચોરો આવા સમયનો લાભ લઇને તેનું ઘર ફોડીને જે મરજીમાં આવે તે લઇ જાય છે; આ પ્રમાણે તે મેળવેલી સમૃદ્ધિ ગૂમાવી બેસે છે.

આજ પ્રમાણે આવી લાભ વિનાની બાબતો જોવા જતાં ચિત્તનું નુકશાન કરનાર અન્ય અનેક વાનાં થઈ આવે છે.

(૫) જ્યાં ડફ ઝાંઝ વિગેરેની ગમત થવાની હોય તે શોધીને ત્યાં જશે.

(૬) જ્યાં ઘટાદિપાત્રોની રમત થતી હોય ત્યાં જોવા જશે.

નાચ, ગાનતાન, વાદ્ય ગીતાદિનાં સ્થાનમાં જવાથી હે ગૃહસ્થ! આવા છ પ્રકારનાં અશુભ ફલ થાય છે.

૧૯ હે ગૃહસ્થ! જરૂરનાં કાર્યોમાં વિલંબ કરાવનાર જુગાર રમવાથી છ અશુભ પરિણામ થાય છે. *

---

* (ટીકા) જુગાર ખાનામાં એકાદ માનવિ પાસેના પૈસા ગૂમાવતાં પોતાનું કોઈ કીમતી વસ્ત્રો અથવા અલંકાર ગીરવી મૂકે છે, પૈસા મેળવે છે. ફરીથી જુગાર ખેલવા માંડે છે. બીજી વાર ગુમાવતાં વળી તે કંઈ બીજી ચીજ ગીરવી મૂકે છે, પૈસા મેળવે છે. આ પ્રમાણે પાસે કંઈ પણ ના રહેતા સુંધી તે રમ્યા કરે છે. જ્યારે ખોનાર જીતનારને પોતાનાંજ વસ્ત્ર અલંકાર પહેરેલાં જુએ છે ત્યારે તે ને તેના ઉપર દ્વેષ બુદ્ધિ થાય છે; આગળ ઉપર જુગાર ખેલીને આ ચીજો ગૂમાવવા માટે તેને પસ્તાવો થાય છે. જ્યારે તે આ લતમાં વારંવાર સપડાય છે ત્યારે તે જરૂરનાં કાર્યોને છોડી દે છે; તેમાં ધ્યાન આપ્યું હોત તો તેને કેટલીક આવક પણ થાત. આ પ્રમાણે એટલું ખુલ્લું છે કે તે કમાયો હોય છે તે ગૂમાવે છે; તેનો સમય જુગારમાં રોકાયલો હોવાથી તે વિશેષ કમાવાને શક્તિવાન રહી શકતો નથી.

(૧) જ્યારે એક જણુ જીતે છે ત્યારે ખોનારાઓ તેના પ્રત્યે ઘણુાજ દ્વેષી બની જાય છે.

(૨) "અરે અમુક માનવિ મારા આટલા પૈસા જીતી ગયો" એવા વિચારથી ખોનારાઓને ઘણુાજ પસ્તાવો થઇ આવે છે.

(૩) પોતાની નજર નીચે સંભાળથી બચાવી રાખવા જેવા મહેનતે મેળવેલા પૈસાનો દુરૂપયોગ થાય છે.

(૪) કાયદાની અદાલતમાં સાહિદી માટે બોલાવામાં આવતાં, જુગારીની સાહેદી ખરી હોય તો પણ તે સાક્ષી જુગારી હોવાથી માનવામાં આવતી નથી.

(૫) જુગારીના મિત્રો અને સાથીઓ તેને ધિક્કારે છે; તે જુગારની લતમાં પડેલો હોવાથી તેના સહવાસનો પણ ત્યાગ કરે છે.

જુગારીની તેના મિત્રો પણ નિંદા કરશે; તેઓ તેને કહેશે, "મિત્ર તું તો સારા સ્વભાવનો છે, જુગાર જેવા દુરાચારમાં જોડાવું તારા કુળના દરજ્જાને છાજતું નથી. માટે આવી નિંદ્ય ટેવનો ત્યાગ કર." આવા ઠપકાને પણ જો તે હિસાબમાં નહિ લેતો તેના મિત્રો તેને તજી જશે, તથા જાહેર સ્થળોમાં જોવામાં આવતાં પણ તેને પીછાનશે નહિ.

(૬) જો તે જુગાર રમવામાં લાગ્યો રહેશે તો લોકો લગ્ન સંબંધમાં તેને બાળક આપવાની અથવા તેનું બાળક લેવાની એકની પણ દરકાર કરશે નહિ, કારણ કે કુટુમ્બનું ભરણપોષણ કરવામાં તે બે દરકાર હોય છે.

હે ગૃહસ્થ! જરૂરી કામમાં વિલંબ કરાવનાર જુગારની લતમાં પડવાથી આવા છ પ્રકારનાં અશુભ ફલો થાય છે.

૨૦ હે ગૃહસ્થ! દુરાચારી સાથીઓના સાથમાં વસવાથી છ અશુભ પરિણામ થાય છે. નીચે જણાવેલાં માનવિઓના સહવાસમાં રહેનાર પુરૂષનું અશુભ થાય છે. *

(૧) જુગારની લતમાં પડેલા સાથીઓ.

(૨) કામાંધ સાથીઓ.

---

* (ટીકા) આ અસદાચારી મિત્રોનો સહવાસ થતાં, તેમનામાં રહેલા ખરાબ ગુણો આપણામાં આવે છે, તથા જાતે પણ નિંદા પાત્ર થવાય છે. માણસનું સ્વાભાવિક વલન અશુભ કરવાનું હોય છે, આથીજ તે શુભ કરતાં અશુભથી વિશેષ આકર્ષાય છે. આ દુનિયામાં ઉન્નતિની ઇચ્છા કરનાર ડાહ્યો માનવિ હમેશાં સદાચારી અને પંડિત પુરૂષોનો સાથ શોધે છે, તથા બળતા ઉંહાવાનો ત્યાગ કરે તેમ અસદાચારી, ભ્રષ્ટ લોકનો ત્યાગ કરે છે. ભગવાને યોગ્ય કહ્યું છે, "મૂર્ખાની સેવા કરવી નહિ પરંતુ પંડિતની સેવા કરવી, માન પામવા

(૩) અવળું બોલનાર સાથીઓ.

(૪) વીસાના પીણાની વાસનાવાળા સાથીઓ.

(૫) દગલબાજીમાં લાગેલા સાથીઓ.

(૬) સાહસિક કાર્યો કરવાના વલણવાળા સાથીઓ.

અસદાચારી સાથીઓના સહવાસથી નિપજતાં હે ગૃહસ્થ! આવા છ પ્રકારનાં અશુભ ફળો છે.

૨૧ હે ગૃહસ્થ! આલસની ઉપાસનાથી છ પ્રકારનાં અશુભ પરિણામ થાય છે. આલસુ માનવિ કાર્યનો ત્યાગ કરવાનાં કેટલાંક નીચે પ્રમાણે કારણો દર્શાવે છે તથા આ પ્રમાણે પોતાનું સત્યાનાશ વાળે છેઃ—

(૧) "અહો, હમણાં તો ઠંડી બહુ પડે છે;" એમ કહીને તે કાર્યમાં જોડાતો નથી. આવો માનવિ કોઇ કાલે વૃદ્ધિ પામશે નહિ, પરંતુ પ્રથમથી મેળવેલા પૈસા ગુમાવી બેસશે.

(૨) "અહો, હવે તો સાંઝ કાલ થઇ ગયો," એમ

યોગ્ય હોય તેને માન આપવું, એજ મોટામાં મોટો આશિર્વાદ છે." સુવાસિત પુષ્પોથી સારી રીતે શણગારેલી પાટ ઉપર ડુક્કરને બેસાડવામાં આવે તો તે ત્યાં રહેશે નહિ, પરંતુ ગંદકીની જગ્યામાંજ દોડી જશે; તેમ મૂર્ખ અને અજ્ઞાની માનવિ સદાચારીના સાથને ત્યાગ કરે છે, અસદાચારીના સાથને શોધે છે.

વિચારી તે કાર્યમાં જોડાશે નહિ; આવો માનવિ સુખી થતો નથી, પરંતુ પ્રથમથી મેળવેલા પૈસાને ગુમાવી બેસે છે.

(૩) "અરે, હમણાં બહુ તાપ લાગે છે," એમ કહીને તે કાર્યમાં જોડાતો નથી; આવો માનવિ વૃદ્ધિ પામતો નથી, પરંતુ પ્રથમથી મેળવેલા પૈસા ગુમાવી બેસે છે.

(૪) "અરે, હજુતો સવારમાં ઘણું વ્હેલું થયું છે," એમ કહીને તે કાર્યમાં યોજાતો નથી; આવો માનવિ ઉન્નતિ પામી શકતો નથી, પરંતુ પ્રથમથી મેળવેલા પૈસા ગુમાવી બેસે છે.

(૫) "અહા, મને તો હમણાં ભુખ લાગી છે," એમ કહીને તે કાર્યનો આરંભ કરતો નથી; આવો માનવિ ઉન્નતિ પામી શકતો નથી, પરંતુ પ્રથમથી મેળવેલા પૈસાને ગુમાવી બેસે છે.

(૬) "અહો, હમણાં તો હું ઘણો રોકાયલો છું," એમ કહીને તે કાર્યમાં જોડાતો નથી, આવો માનવિ વૃદ્ધિ પામી શકતો નથી, પરંતુ પ્રથમથી મેળવેલા પૈસા ગુમાવી બેસે છે.

હે ગૃહસ્થ! જે કોઇ આવાં નજીવાં કારણોથી કામ કરવાનો ત્યાગ કરે છે તે કોઈ પ્રકારનો વિત્ત સંચય કરી શકતો નથી; ને પ્રથમથી મેળવેલું કંઇ વિત્ત તેની પાસે હોય છે તો તેવું સર્વ વિત્ત તે ગુમાવી બેસે છે.

આલસ્યની ઉપાસનાથી હે ગૃહસ્થ! આવાં ૭ અશુભ ફલ થાય છે.

૨૨ આ પ્રમાણે ઉપરની બાબતો દર્શાવીને ભગવાને નીચેની બાબતો શ્લોકોમાં દર્શાવી.

ત્રણ પ્રકારના મિત્રો હોય છે:—

(૧) (અ) એક પ્રકારના મિત્ર માત્ર ખાવાપીવાના સમયે મૈત્રીનો ઢોંગ કરનારા હોય છે.

(બ) બીજા પ્રકારના મિત્ર એવા હોય છે કે જે માત્ર તમારી હાજરીમાં તમને "હે મારા ભલા મિત્ર! હે મારા વ્હાલા મિત્ર!" એમ કહીને બોલાવે છે, પરંતુ તમારી ગેરહાજરીમાં તમારા માટે વેર રાખે છે તથા તમારા દોષ વર્ણવે છે.

(ક) ત્રીજા પ્રકારના મિત્રો એવા હોય છે કે જે માત્ર આપત્તિના પ્રસંગમાં આવી પડતાં બીજા સાથે મૈત્રી જણાવે છે.

(૨) સૂર્ય ઉગતા સુધી ઉંઘવું, કામાંધતા, ઈર્ષ્યા, લાકડીથી મરાતા સર્પની પેઠે ક્રોધની વૃદ્ધિ, અસદાચારી સાથીઓનો સહવાસ, કૃપણતા, હે ગૃહસ્થ! માનવિના અધોપાતનાં આવાં છ કારણો છે.

(૩) જેને અપકીર્તિવાળા સાથીઓ હોય, જે અન્યના ભલાનો દ્વેષી હોય, પાપાચરણને ઉત્તેજન આપે એવાં સ્થાનમાં ફરનારો હોય, તેની આ તેમજ આવતી દુનિયામાં ઉન્નતિ થતી નથી.

(૪) દુરાચાર, કેફી પીણાંની લત, ગીતનૃત્યની લત, દિવસે નિદ્રા, અયોગ્ય સમયે રાજમાર્ગોમાં ભ્રમણ, કૃપણતા, એટલાં માનવિના અધોપાતનાં કારણો છે.

(૫) જે કોઈ જુગારમાં, નિશામાં, અન્યાયી વ્યભિચારમાં, ઢંગ ધડ વિનાના સાથીઓના સહવાસમાં ખૂબ મચે છે, વૃદ્ધ પંડિત પુરૂષોનો સાથ શોધતો નથી તેનું ચિત્ત ક્ષય પામતા ચંદ્રના પ્રકાશની પેઠે અસ્ત થાય છે.

(૬) જે કોઈ ગરીબ હોવાછતાં નીશાનાં પીઠાંમાં જઈને પીવામાં મોજ માણે તે જેમ પાણીમાં નાંખેલો પથરો તળીએ જાય છે તેમ જાતે

રહેવામાં દુઃખી થાય છે તથા કુટુમ્બને કલંક લગાડે છે.

(૭) જેને હમેશાં દિવસે નિદ્રા લેવાની ટેવ હોય છે, જે પ્રાતઃકાલમાં વ્હેલો ઉઠતો નથી, નીશાને લીધે હમેશાં ઉડાઉની દશામાં હોય છે, વિષયાસક્ત હોય છે, તે ગૃહસ્થને યોગ્ય જીવન ગાળી શકતો નથી.

(૮) જે કોઈ, "હા, હાલતો ઘણી ગરમી છે; અરે, હમણાંતો ઘણી થંડી છે, અરે, હવે તો સાંજે ઘણું મોડું થઈ ગયું છે," એમ વિચાર કરીને કરવા યોગ્ય કાર્યનો ત્યાગ કરેછે તે વિત્ત એકઠું કરી શકશે નહિ, તેમજ એકઠું થયલું તેની પાસે ટકી શકશે નહિ.

(૯) જે કોઇ ટાઢ અથવા તાપની એક તંખલા જેટલી પણ દરકાર કર્યા વિના કરવા યોગ્ય કાર્યને પાર પાડે છે; તેને વિત્તની ખોટ હોતી નથી પરંતુ તે સૂખી હોય છે.

૨૩ હે ગૃહસ્થ! એટલું જાણવું જોઈએ કે મિત્રના વેશમાં જણાતા પરંતુ મિત્રતાને ના છાજતી રીતે વર્તનારા "'મિત્રો" ના ચાર પ્રકાર હોય છે; તે આ પ્રમાણેઃ—

(૧) પ્રથમ પ્રકારના એવા હોય છે કે જે તમારી પાસે ખાલી હાથે આવે છે, પરંતુ કંઇક પણ લઇજવાની સંભાળવાળા હોય છે; આવાને ઢોંગી મિત્ર જાણવા.

(૨) બીજા પ્રકારના માત્ર વાણીથી સંબંધ દર્શાવે છે, કંઈક આપવાના અથવા સેવા કરવાના વલન વાળા હોય એમ જણાવે છે; આવાને ઢોંગી મિત્ર જાણવા.

( ) ત્રીજા પ્રકારના એવા હોય કે જે તમારી સાથે માયાળુપણે બોલે છે, પરંતુ તેજ સમયે મનમાં તમારૂં ભુંડું તાકે છે; આવાને ઢોંગી મિત્ર જાણવા.

(૪) ચોથા પ્રકારના એવા હોય છે કે તમારી સમૃદ્ધિ ખરાબ કરવાના ઉદ્દેશથીજ તમારી સાથે જોડા ય છે; આવાને ઢોંગી મિત્ર જાણવા.

૨૪ હે ગૃહસ્થ! તમારી પાસે ખાલી હાથે આવનાર પરંતુ કંઇક લઇજવાની સંભાળ રાખનાર ઢોંગી મિત્રમાં જણાઇ આવતાં ચાર લક્ષણો જાણવાં જોઇએ:—

(૧) કંઈક લઇ જવાનું નક્કી કરીનેજ તે મિત્રની મુલાકાત લેશે.

(૨) ઘણું મેળવવાની ખાસ આશાથી તે તમને થોડુંક આપશે.

(૩) તેના ઉપર કંઇક ભયનું કારણ આવી પડતાં તેના હૃદયમાં એવો ખરો પ્રેમ ના હોવાછતાં તે તમને તેવા સમયેજ સહાય થશે.

[૪] માત્ર સ્વાર્થી હેતુઓથી દોરાઇનેજ તે તમારો સાથ શોધશે.

હે ગૃહસ્થ, તમારી પાસે ખાલી હાથે કંઈક લઈ જવાના ઉદ્દેશથી આવનાર ઢોંગી મિત્રમાં જણાઈ આવતાં આવાં ચાર લક્ષણ છે.

૨૫ હે ગૃહસ્થ! માત્ર મુખેજ તમારી સાથે સારી રીતે વર્તનાર ઢોંગી મિત્રમાં જણાઈ આવતાં ચાર લક્ષણો હોયછે:—

(૧) ભૂતકાલની બાબતો વિષે વાતો કરવામાં તે માત્ર શબ્દોમાંજ પ્રેમ દર્શાવશે.

(૨) ભાવિ કાલના બનાવો વિષે વાતો કરવામાં માત્ર વાણીથીજ તે પ્રેમ દર્શાવશે.

(૩) નકામી બાબતો વિષે વાત કરવામાં તે માત્ર વાણીનો પ્રેમ દર્શાવશે.

(૪) જરૂરના સમયે તેની પાસે કંઇ માગણી કરતાં

નકામાં આનાં બતાવીને તે તેનો સ્વીકાર કરશે નહિ.

હે ગ્રહસ્થ! માત્ર મુખના શબ્દોથી તમારી સાથે સારી રીતે વર્તનાર ઢોંગી મિત્રમાં જણાઈ આવતાં આવાં ચાર લક્ષણ છે.

૨૬ હે ગ્રહસ્થ! તમારી સાથે માયાથી વર્તનાર પરંતુ મનમાં તમારૂં ભુંડું તાકનાર ઢોંગી મિત્રમાં જણાઇ આવતાં ચાર લક્ષણો હોય છેઃ—

(૧) પાપાચરણુ કરવામાં આવતાં ને તમને ઉત્તેજન આપશે.

(૨) શુભ કાર્યો કરવા માટે બોલાવવામાં આવતાં તે તમને ઉત્તેજન આપશે નહિ.

(૩) તમારી હાજરીમાં તમારામાં છૂપાયલા સારા ગુણોનાં વખાણ કરશે.

(૪) તમારી ગેરહાજરીમાં તમારામાં છૂપાયલા દુર્ગુણો નું વર્ણન કરશે.

હે ગૃહસ્થ! તમારી સાથે માયાથી વર્તનાર પરંતુ મનમાં ભૂંડું તાકનાર ઢોંગી મિત્રનાં આવાં ચાર લક્ષણો હોય છે.

૨૭ હે ગૃહસ્થ! તમારી સમૃદ્ધિનો નાશ કરવાના ઉદ્દેશથી તમારા સાથમાં જોડાનાર ઢોંગી મિત્રમાં જણાઈ આવતાં ચાર લક્ષણો હોય છેઃ—

(૧) પીણાંનાં સ્થાનમાં વારંવાર જવામાં તે તમારો સાથ કરશે

(૨) ગીત, વાદ્ય, નૃત્યનાં સ્થાનમાં વારંવાર જવામાં તે તમારો સાથી થશે.

(૩) અયોગ્ય સમયે રાજમાર્ગોમાં વારંવાર ભટકવામાં તે તમારો સાથ કરશે.

(૪) જરૂરનાં કાર્યોનો ત્યાગ કરાવે એવાં જુગારખાનાંમાં હમેશાં જવામાં તે તમારો સાથી થશે.

હે ગૃહસ્થ! તમારા વિત્તનો વિનાશ કરવાના ઉદ્દેશથી તમારી સાથે જોડાયલા ઢોંગી મિત્રનાં આવાં ચાર લક્ષણો હોય છે.

૨૮ આટલી બાબતો કહીને ભગવાને નીચેની બાબતો શ્લોકથી કહીઃ—

આવા ચાર પ્રકારના મિત્રોનીઃ—

(૧) તમારી પાસે ખાલી હાથે આવનાર પરંતુ કંઈક લઈજવાનો ઉદ્દેશ રાખનાર;

(૨) તમારી સાથે માયાથી બોલનાર પરંતુ મનથી ભુંડું તાકનાર;

(૩) તમારી સાથે માત્ર મુખથીજ સારી રીતે વર્તનારૂં;

(૪) તમારા વિત્તનો વિનાશ સાધવાના ઉદ્દેશથી જોડાનાર;—

ડાહ્યા પુરૂષોએ આ પ્રમાણે પરિક્ષા કરીને તપાસ કરવી જોઇએ; ચોર અને જંગલી પશુઓના ભયવાળા માર્ગનો ત્યાગ કરીએ તેમ તેમના સાથનો ત્યાગ થવો જોઇએ.

જેમ એક મુસાફર અમુક સ્થલે લઇ જતા માર્ગની પૂછપરછ કરે છે, તેને કહેવામાં આવે છે, એ માર્ગ નથી, પરંતુ આ માર્ગે જવાનું છે, તે તેને બતાવામાં આવે છે તેમ ભગવાન બુદ્ધ, ત્યાગ કરવા યોગ્ય મિત્રોના સાથને દર્શાવીને હવે સાથ શોધવા યોગ્ય મિત્રોને દર્શાવે છે.

૨૯ હે ગૃહસ્થ! સંગ કરવા લાયક શુભ–હૃદયવાળા મિત્રો ચાર પ્રકારના જાણવા જોઇએ. તે નિચે પ્રમાણે:—

(૧) શુભેચ્છક મિત્ર તમને સહાય કરશે.

(૨) શુભ હૃદયવાળો મિત્ર તમારાં સુખદુ:ખમાં પોતાનાંજ હોય તેવી લાગણીથી ભાગ લેશે.

(૩) શુભ હૃદયવાળો મિત્ર તમારી સમૃદ્ધિની વૃદ્ધિનું કારણ બનશે.

[૪] શુભ હૃદયવાળો મિત્ર હમેશાં તમારા પ્રત્યે દયા-ભાવ રાખશે.

૩૦ હે ગૃહસ્થ! તમને સહાય થનાર શુભ હૃદયવાળા મિત્રને ચાર પ્રકારે ઓળખવો જોઇએ:---

[૧] નિશા અને તેના જેવી અન્ય બાબતોથી થતા વિલંબના પ્રસંગે તે પોતાના મિત્રનું રક્ષણ કરશે.

[૨] તે પોતાના મિત્રની સમૃદ્ધિની રક્ષા કરશે, અન્યને તાણી જવા દેશે નહિ.

[૩] ભયનો કોઇ પ્રસંગ આવી પડતાં તે સહાય થઇને દીલાસો આપશે.

[૪] મદદ માટે કંઇમાગવાનો પ્રસંગ આવતાં માગવા કરતાં પણ તે વધારેઆપશે.

હે ગૃહસ્થ! તમને સહાય થનાર શુભેચ્છક મિત્ર આવા ચાર પ્રકારે સહાયરૂપ થાય છે તે જાણવા જોઇએ.

૩૧ હે ગૃહસ્થ! તમારા સુખદુ:ખમાં સમાન ભાગ લેનાર શુભ હૃદયવાળા મિત્રના નીચે પ્રમાણે ચાર પ્રકાર હોય છે:--

(૧) તે તમને પોતાની સર્વ છુપી બાબતો વિશ્વાસથી કહેશે, જે તમારે પણ તેવીજ રીતે ગુપ્ત રાખવી જોઇએ.

(૨) તેને વિશ્વાસથી કહેવામાં આવેલી કોઇપણ બાબત તે ખુલ્લી કરશે નહિ.

(૩) તમારા ઉપર કોઇપણ સંકટ આવી પડતાં તે તમને છોડી જશે નહિ.

(૪) તે તમારે માટે પોતાનો જીવ આપવાને પણ કબુલ થશે.

હે ગૃહસ્થ ! તમારા સુખ દુઃખમાં સમાન ભાગ લેનાર શુભ હૃદયવાળા મિત્રને આવા ચાર પ્રકારે ઓળખવો જોઇએ.

૩૨. હે ગૃહસ્થ ! તમારી સમૃદ્ધિની વૃદ્ધિ કરનાર શુભ હૃદયવાળા મિત્રના ચાર પ્રકાર જાણવા જોઇએ:—*

---

* (ટીકા) તેતેને આ પ્રમાણે શિખામણ આપશે.:—"હે મિત્ર, પાપી કાર્યો કરવાથી અમુક અમુક અશુભ ફળો થાય છે. માટે તેમનો ત્યાગ કરીને સારાં કાર્યોનું આચરણ કર, તેથી આ અને આવતી દુનિયામાં તું સુખી થઈશ." કરવા જેવાં સારાં કાર્યો આ પ્રમાણે:— (૧) દાન આપવું. (૨) બોધ વચનનું પાલન,: (૩) ધ્યાન, :(૪) તમારાથી થતાં શુભ કર્મોના અન્યને ભાગી

(૧) પાપ કર્મના આચરણમાંથી તે તમને પાછા વાળશે

[૨] તે તમને સારાં કર્મ કરવા તરફ દોરી જશે.

(૩) પૂર્વે ના સાંભળેલા સારા ઉપદેશો તે તમને સાંભળવાની ફરજ પડશે.

(૪) તે તમને સ્વર્ગે દોરી જતો માર્ગ દર્શાવશે.

હે ગૃહસ્થ ! તમારી સમૃદ્ધિની વૃદ્ધિ ઇચ્છનાર શુભ હૃદયવાળા મિત્રને આવા ચાર, પ્રકારે ઓળખવો જોઇએ.

૩૩. હે ગૃહસ્થ ! હમેશાં તમારા તરફ દયાભાવથી વર્તનાર શુભ હૃદયવાળા મિત્રના નિચે પ્રમાણે ચાર પ્રકાર જાણવા જોઇએ:—

(૧) સંકટના સમયમાં પણ તે તમારી સાથે દયાભાવ રાખશે.

(૨) તમારા કલ્યાણથી તે ખુશી થશે.

[૩] બીજાને પોતાના મિત્રના ખરાબ ગુણો ગણાવતા અટકાવશે.

બનાવવા, :(૫) અન્યથી થતાં શુભ કર્મોના ભાગી બનવું, :(૬) સેવવા યોગ્યની સેવા કરવી, : (૭) માન દેવા યોગ્યને માન દેવું, : (૮) ધર્મ સમજાવવો, ખુલાસો કરવો, :(૯) ધર્મ શાસ્ત્રના ખુલાસાનું શ્રવણ કરવું, (૧૦) બુદ્ધ, તેમનો ધર્મ, અને સંધને નિયામક સ્વીકારવા.

(૪) પોતાના મિત્રના સારા ગુણોનાં વખાણ કરનાર-
નાં તે વખાણ કરશે.

હે ગૃહસ્થ! હમેશાં તમારા તરફ દયા ભાવ રાખનાર શુભ મિત્રને આવા ચાર પ્રકારે ઓળખવો જોઇએ

૩૪. આટલું કહીને ભગવાન્ બુદ્ધિ નીચે પ્રમાણે શ્લોક બોલ્યા:—

આ પ્રમાણે ચાર પ્રકારના મિત્રોની પરિક્ષા કરીને

(૧) તમને સહાય થનાર;

(૨) સુખ દુઃખમાં સમાન ભાગ લેનાર;

[૩] તમને ઉન્નતિનો માર્ગ દર્શાવનાર;-

[૪] તમારી સાથે સદા દયા ભાવથી વર્તનાર;-

ડાહ્યા પુરૂષ, માતા જેમ પોતાના એકના એક વ્હાલા પુત્રને વળગી રહે છે તેમ તેમના સાથને હમેશાં વળગી રહેશે.

અંધારી રાત્રે પર્વતના શિખર ઉપર પ્રકાશતા અગ્નિની પેઠે સદાચારી અને બુદ્ધિશાળી માનવિ પ્રકાશી નીકળશે; જેમ મધમાખ, દરેક કુલમાંથી તેને નુકશાન કર્યા વિના પરાગ લઈ જઇને ધીમે ધીમે મધપૂડો બાંધે છે તેમ તે બીજાને દુઃખ દીધા વિના પૈસાનો સંગ્રહ કરશે. દરેક ફેરે રેતિનો એક કણ લઈ જઇને રાફડો બાંધનાર કીડીની પેઠે તે ધીમે ધીમે પૈસો એકઠો કરે છે.

આ પ્રમાણે પૈસો એકઠો કરીને ગૃહસ્થાશ્રમને ફરજ રૂપ કર્મો કરવાને તે દરેક રીતે યોગ્ય બને છે.

આ પ્રમાણે ન્યાય વૃત્તિથી મેળવેલા વિત્તના તેણે ચાર વિભાગ પાડવા જોઈએ * એક ભાગ પોષણ માટે રાખવો, બે ભાગ ખેતી અથવા વ્યાપાર ધંધામાં રોકવા મંડવાડ અથવા રાજા, ચોર, પૂર, અગ્નિ અથવા અન્ય કોઈ ભયથી આવી પડતા સંકટના પ્રસંગે વાપરવા માટે એક સારી રીતે જાળવી રાખવો જોઈએ. જે આ પ્રમાણે વર્તે છે તેની પાસે મિત્રો હમેશાં વિશેષ ખેંચાતા આવે છે.

*(ટીકા) અત્રે લક્ષમાં લેવા જેવું છે કે પુણ્ય ધર્મ કર્મના આચરણ માટે કંઈ ભાગ ઠરાવ્યો નથી. આનું કારણ એમ છે કે આવાં કાર્યમાં કેટલો ભાગ ખરચવો તે નકકી કરવાની તેમની મરજી ન હતી પરંતુ ગ્રહસ્થે શ્રદ્ધા પ્રમાણે એક અથવા ચારે ભાગ આમાં ખર્ચવાની પસંદગી તેની મરજી ઉપરજ રાખવામાં આવી હતી.

નીચેના પાંચ ધંધા અયોગ્ય ગણીને તે કરવાની મનાં કરવામાં આવી હતી

(૧) હિંસા માટે શસ્ત્રોનું વેચાણ (૨) ગુલામોનું વેચાણ (૩) માંસનું વેચાણ. (૪) કેફી પીણાંનું વેચાણ. (૫) વિષનું વેચાણ

શસ્ત્ર એટલે, તરવાર, તીર, બંદુક, અને જીવ લે એવાં અન્ય સર્વ સાધનો

૩૫. હે ગૃહસ્થ? છ દિશાઓમાંથી આવતા ભય સામે બુદ્ધનો શિષ્ય કેવી રીતે પોતાનું રક્ષણ કરશે!

તે પોતાની જાતનું આ પ્રમાણે રક્ષણ કરશે:—

(૧) તેણે માતા પિતાની પૂર્વ દિશા રૂપ ગણીને પૂજા કરવી જોઇએ

(૨) તેણે ગુરૂઓને દક્ષિણ દિશા રૂપ ગણીને પૂજવા જોઈએ.

(૩) તેણે પત્ની અને બાલકોને પશ્ચિમ દિશા રૂપ ગણીને પૂજવાં જોઇએ.

(૪) તેણે મિત્રો અનેસાથીઓને ઉત્તર દિશા રૂપ ગણીને પૂજવા જોઇએ

(૫) તેણે સેવકોને પાતાલ રૂપ ગણીને પૂજવા જોઈએ.

(૬) ભિક્ષુઓ અને બ્રાહ્મણોને આકાશ રૂપ ગણીને પૂજવા જોઈએ.

૩૬. હે ગૃહસ્થ! આવા પાંચ પ્રકારે પૂર્વ દિશા રૂપ માતા પિતાની બાલકોએ સેવા કરવી જોઇએ.--*

* (ટીકા) નીચેની વાર્તા, ચાર બાલકો પોતાનાં માત પિતા સાથે કેવી રીતે વર્તવા માગતાં હતાં તથા તેથી તેમને કેવા ખરાબ ફલ ભોગવવાં પડયાં, તેનું સારૂં દ્રષ્ટાંત પૂરૂં પાડે છે.

(૧) તેમણે તેમનું પોષણ કરવું જોઇએ; તેમની જે જે જરૂરીઆતો હોય તે પુરી પાડવી જોઇએ.

(૨) પોતાનાં માતપિતા ઉપર આવી પડતાં કાર્યો ઉપાડી લેવાં જોઇએ.

એક શ્રીમંત બ્રાહ્મણની વાર્તા

સાવસ્તિ ગામમાં એ વૃદ્ધ બ્રાહ્મણ રહેતો હતો; તેની એક લાખ સોના મહોરની પૂંજી હતી. તેને ચાર દિકરા હતા, તે દરેકને એક એક લાખ આપીને તેણે ચાર લાખ મહોરો વહેંચી નાખી હતી. થોડા સમય પછી બાલકોની માતા મરણ પામી; તેના જવા પછી થોડે દિને ચારે પુત્રો માંહોમાંહે વાતો કરીને વિચારવા લાગ્યા "જો હવે આપણા પિતા બીજી સ્ત્રી પરણે તો બાકીનું વિત્ત તેનાં બાલકોને વારસામાં મળે, માટે આપણે તેમને પ્રસન્ન રાખવા જોઇએ.' જેમ એક ખેડુત ફલ વાળાં વૃક્ષનો વિશેષ ફાલ મેળવવાને ખાતર પાણીની ખાસ સંભાળ રાખે છે તેમ હવેથી આ પુત્રોએ પોતાના પિતાની પાછળ ઘણું લક્ષ આપવા માંડ્યું; આમ વર્તવા માંડયું તે ખરા પ્રેમથી નહિ પરંતુ તેનું મન રાજી રાખીને બાકીનું વિત્ત મેળવવાના ઉદ્દેશથી હતું.

થોડા દિવસ પછી પુત્રોએ પિતાને કહ્યું: "અમે તમને તમારી સેવા ચાકરી કરીને બધી જરૂરીઆતો પૂરી પાડીશું; માટે તમારી બાકીની સમૃદ્ધિ અમને આપો તો ઠીક.' માયાળુ હૃદયના પિતાએ પોતાને માટે થોડાંક લુગડાં લત્તાં રાખીને, પોતાનું જે કંઇ સર્વ હતું તે

(૩) તેમણે કુટુમ્બની સારી સાખ જાળવી રાખવી જોઇએ.

[૪] માત પિતાનો વારસો મેળવવાને લાયક થવાય તેવી રીતે તેમણે વર્તન રાખવું જોઈએ.

પોતાનાં બાલકોને આપી દીધું; દરેકને એક લાખ સોના મહોર વધારે મળી. વચન પ્રમાણે મોટા પુત્રે બાપનું થોડા સમય સુધી સારી રીતે પાલન પોષણ કર્યું એક દિવસે બ્રાહ્મણ જેવો સ્નાન કરીને ગૃહમાં આવતો હતો તે સમયે ઉમરામાં ઉભેલી પુત્ર વધુએ કહ્યું: “કુટુમ્બના આ મોટા પુત્ર હોવાથી તમે તેમને તમારી સમૃદ્ધિમાંથી કંઇ વધારે ભાગતો આપ્યો નથી છતાં તમે અમારા એકલાંનાજ ઘરમાં શા માટે વસો છો? તમે બીજાં છોકરાંને ઘેર પણ શા માટે નથી જતા? આ ઉપરથી તે બીજા પુત્રોને ઘેર ગયો, એ દરેકને ત્યાં થોડો સમય રહ્યા પછી, મોટા દિકરાને ત્યાં જેવી દશા થઈ હતી તેવીજ થઇ.

બાલકોની આવી પ્રેમ વિનાની વર્તણુકથી દીલગીર થઇને તે વૃદ્ધ બ્રાહ્મણે પાસેનાં ગામડાંમાં ભટકવા માંડયું; આખરે ભિક્ષુક બની ગયો. અવસ્થામાં નબળો થઇને થાકી જતાં, તથા પોતાના પુત્રો તરફનું કોઇ પ્રકારનું દયા ભરેલું વર્તન નાજોઇને તે લાકડીને ટેકે ટેકે બુદ્ધ ભગવાનના આશ્રમે ગયો. ત્યાં પહોંચતામાં તુર્તજ તે જમીન ઉપર પડયો; લાકડીની મદદથી પણ તે ઉભો રહેવા અશક્ત હતો.

બ્રાહ્મણની આવી દુઃખી દશા જોઇને ભગવાનને લાગી આવવાથી તે બાબત તેને પૂછ્યું; તેણે પોતાનું પૂર્વ વિતક કહીને જણાવ્યું; “મારા પુ-

[૫] માતપિતાનું મરણ થતાં તેમને માટે તેમણે દાન આપવું જોઇએ, તથા તેના સારા ફલનાં તેમને ભાગી બનાવવાં જોઇએ.

હે ગૃહસ્થ! બાલકોએ પૂર્વ દિશા રૂપ પોતાનાં માત પિતા પ્રત્યે પૂરી પાડવાની આવી પાંચ પ્રકારની ફરજો છે.

ત્રો જાતે સંતાઇ જઇને, જેમ કુતરાઓ ડુક્કરોને નસાડી મૂકે તેમ, પોતાની સ્રીઓ પાસે મને હાંકી કઢાવેછે; તે સર્વે પિશાચોના અવતારરૂપ છે. એસર્વ બાલકો કરતાં હવે તો મને આ દંડ વિશેષ સહાયકારક થઇ પડયો છે.

આ ઉપરથી ભગવાને તેને પાંચ શ્લોક શિખવ્યા; તેમાં તેના બાલકોની ગેર વર્તણુંક વર્ણવી હતી; દંડથી મળતી ઘણી સહાય તથા તેના વિવિધ ઉપયોગ વિશે તેને ઉપદેશ આપ્યો; ગામના બધા વાસીયો અમુકસ્થલે એકઠા થાય ત્યારે એ શ્લોક સંભળાવવાનું તેને સમજાવ્યું; આવો સમાજ એકઠો થાય ત્યારે એ લોકમાં એવો ચાલ હતો કે તેમનામાં જે કંઇ ખોટું કામ કરવામાં આવ્યું હોય તે કહી બતાવવું; માત પિતા પ્રત્યેની ગેર વર્તણુક માટે મોતની સજા કરવામાં આવતી. જ્યાં અશક્ત બ્રાહ્મણે રડતો હોય, ડુસકાં ખાતો હોય તેમ માથે હાથ મુકીને પાંચ શ્લોક બોલી બતાવ્યા તે સાંભળીને એકઠા મળેલા સર્વની લાગણી ઉશ્કેરાઇ ગઇ, વૃધ્ધ બ્રાહ્મણના ચારે પૂત્રોને સજા કરવાને તૈયાર થઇગયા. આ ઉપરથી એ પુત્રોએ બાપની

૩૭. હે! ગૃહસ્થ! માત પિતાએ બાલકો પ્રત્યેની એના પાંચ પ્રકારે પોતાની ફરજો પુરી પાડવાની છેઃ—*

(૧) તેઓ તેમને પાપાચરણમાંથી બચાવશે.

માફી માગી તથા દયા કરવા વિનંતી કરી. પછીથી વૃદ્ધ બ્રાહ્મણે પુત્રોની આજીજીથી પીગળીને મંડલીને જણાવ્યું કે તેતો પાંચે શ્લોક ખરા ભાવથી નહિ પરંતુ મશ્કરીમાં બોલતો હતો. છતાં લોકોએતો પુત્રોને સખ્ત ધમકાવીને કલંકિત કર્યા; આ દિનથી માંડીને તેમણે પણ પોતાના પિતા પ્રત્યે ઘણો જ પ્રેમ દર્શાવવા માંડયો તથા તેની ધ્યાન સહીત સંભાળ રાખવા માંડી.

* (ટીકા.) છોકરાં ઉછેરવાની જવાબદારી માબાપ ઉપર આવી પડે છે; તેઓ કોઇ પ્રકારના ખરાબ સંગમાં ના આવી પડે એ વીષે તેમણે ઘણી સંભાળ રાખવાની છે. બાલકોનું ભાવિજીવન, યુવાવસ્થામાં તેમની જે પ્રકારે સંભાળ રાખવામાં આવી હોય તે ઉપર ઘણોજ આધાર રાખે છે. તેટલા માટે માત પિતાએ છોકરાં બાલ્યદશામાં હોય ત્યારે ઘણીજ સંભાળ રાખવાની છે; પોતાનાં બાલકો પ્રત્યેની આવી અત્યંત અગત્યની ફરજમાં તેઓ ચુકેતો તેઓ પાપ કર્મનાં ભાગી બનવાં જોઈએ. **અનાથપિંડીકે** પોતાના બાલકને સીધે માર્ગે લગાવવા માટે કેવો યત્ન કર્યો હતો તે નીચેની વાર્તાથી જણાઇ આવશેઃ—

કાલની વાર્તા.

બુદ્ધના સમયમાં બુદ્ધ ધર્મના કલ્યાણમાં ઘણીજ સહાય કરનાર, અનાથપિંડીક નામનો એક વિખ્યાત કરોડાધિપતિ હતો. જ્યાં સુધી

[૨] તેઓ તેમને સદાચરણને માર્ગે વાળશે.
[૩] તેઓ તેમને કલાઓ અને વિદ્યાઓની કેળવણી આપશે.

પોતના ઘણામાં ઘણા ઉત્તમ ઉપદેશ સંભળાવ્યા છે, એવો જેતવનારામ વિહાર, ભગવાન બુદ્ધને કરેલાં અનેક અર્પણોમાંનો એક હતો. એમ કહેવાયછે કે આ શેઠે આ વિહાર બંધાવવામાં ચોપન લાખ સોના મહોર વાપરી હતી.

અનાથપિંડીકને કાલકુમાર નામનો સુંદર પુત્ર હતો; તે ધર્મ પ્રત્યે બેદરકાર તથા નકામી ગંમતોમાં ઘણો લાગેલો હતો. પિતાએ પુત્રને ધાર્મિક જીવનમાં લાવવાના અનેક યત્ન કર્યા. યુવરાજકુમાર પૈસાનો લોભી છે એમ જોઇને, પિતાએ તેને વિહારમાં જઇને ભગવાન બુદ્ધનાં દર્શન કરી આવવાનું તથા તેમ કરે તો સોસોના મહોર આપવાનું વચન આપ્યું. આ ઉપરથી યુવરાજકુમાર વિહાર તરફ ગયો, એ સ્થાનની આસપાસ ફરતાં દૂર ઉભા રહીને ભગવાનને શિષ્યોથી વિંટાઇને બેઠેલા જોયા. ઘેર આવીને તેણે પિતાને કહ્યું, હું વિહાર તરફ જઇને બુદ્ધને " જોઇ આવ્યો. વચન પ્રમાણે પિતાએ તેને સો સોના મહોર આપી. કાલે બુદ્ધને જેવી રીતે "જોયા" હતા તે ને સાંભળીને બીજે દીને પિતાએ તેને બુદ્ધ પાસે જઇને તેમણે ઉપદેશેલો માત્ર "એક શબ્દ" સાંભળીને ઘેર આવવાનું કહ્યું તથા તેમ કરેતો એક હજાર સોના મહોર આપવાનું વચન આપ્યું. કાલે આ વાત કબુલ કરી, વિહારમાં ગયો, ભગવાનને પ્રણામ કરીને, તેમનાથી ઉપદેશાતો એક શબ્દ શિખવાની ઇચ્છાથી તેમની પાસે બેઠો. તેનો આવવાનો

[૪] તેઓ તેમને યોગ્ય પતિપત્નીઓ. મેળવી આપશે.

(૫) તેઓ તેમને યોગ્ય સમયે પોતાનો વારસો આપશે.

હેતુ જાણીને ભગવાને તેના મનનું વલન જોઇને તેને ઉદ્દેશ આપ્યો; તેનાં અંતે પવિત્રતાની પ્રથમ ભુમિકારૂપ, કાલને સોવનની પદવી મળી. તે વ્યાખ્યાન અને વ્યાખ્યાતાથી એટલો બધો ખુશ થઇ ગયો કે આખી રાત્રી વિહારમાંજ ગાળી. બીજે દિને ભગવાન અને તેમના ૫૦૦ શિષ્યો મધ્યાન્હ ભિક્ષા માટે નિકળ્યા ત્યારે તે તેમની જોડે ઘેર આવ્યો. પિતાએ, ભગવાન અને ભિક્ષુ સંઘ પ્રત્યેના પુત્રના મનના વલનમાં ઘણો ફેરફાર થયેલો જોયો, જે થયું હતું તે તુરત જાણવામાં આવ્યું. ભોજન થઇ રહ્યા પછી, ભિક્ષુસંઘની હાજરીમાં પિતાએ વચન પ્રમાણે પુત્રને હજાર સોનામહોર આપવા માંડી. પરંતુ, ધર્મ શિખવા જતાં તેને ઘણો બદલો મળી રહ્યો છે એમ કહી ને કાલે તે લેવા ના પાડી.

માતપિતાએ બાલકોને પાપાચરણમાંથી થતાં અશુભ ફળોના દાખલા આપવા જોઇએ; એવાં કામ ના કરવાની સંભાળ રાખવાનો તેમને ઉપદેશ કરવો.

* * * * * * * *

જ્યાં માત પિતા યોગ્ય સમયે પોતાનાં બાલકો પ્રત્યેની ફરજો બજાવતાં નથી ત્યાં તેઓ તેમની આજ્ઞામાં રહેતાં નથી. પોતાના બા

હે ગૃહસ્થ ! માતપિતાએ પોતાનાં બાળકો પ્રત્યે અદા કરવાની ફરજો આવા પાંચ પ્રકારની છે.

આ પ્રમાણે બાળકોનું, માતપિતા સાથે સરખાવાતી પૂર્વ દિશામાં ઉપજી આવતા ભય, સંતાપ, અશુભમાંથી રક્ષણ થાય છે.

૩૮. હે ગૃહસ્થ ! શિષ્યોએ દક્ષિણ દિશા રૂપ ગણાતા ગુરૂની નીચેના પાંચ પ્રકારે સેવા કરવી જોઈએ:— ક

(૧) વેગળેથી ગુરૂને આવતા જોઇને તેણે આસનેથી ઉભા થવું જોઇએ.

બાળકોના વિરોધિ વર્તનનો વિચાર કરતાં માતપિતાનાં મનમાં શોક દુઃખ થઇ આવે છે. બાળકો પ્રત્યેની આવી બેદરકારીથી બંન્ને પક્ષ વચ્ચેનો સબંધ તંગ થાય છે. આવા ભેદ ભાવ થવાના પ્રસંગ ના આવે એ વિષે માતપિતાએ ઘણીજ સભાળ રાખવાની છે.

જ્યાં માતપિતા પોતાનાં બાળકો પ્રત્યેની ફરજો યોગ્ય સમયે બજાવે છે ત્યાં તેઓ આજ્ઞાકારી થાય છે તથા બદલામાં તેમના પ્રત્યેની ફરજો પ્રેમ ભાવથી બજાવે છે; આ પ્રમાણે ઉભય વચ્ચેનો ભેદ ભાવ દુર પડે છે; ઉભયપક્ષ વચ્ચે સંપૂર્ણ શાંતિ વર્તે છે.

ટીકા) ગુરૂને દૂરથી આવતા જોઇને, શિષ્યે સામે જવું, તેમના હાથમાં જે કંઇ હોય તે લેવું, તેમને હાથ પગ મુખ ધોવા પાણી આપવું, સુખેથી તેમને બેસારીને, પંખો નાખવો. તેણે દિવસમાં

(૨) તેણે તેની સરભર.માં રહેવું જોઇએ.

(૩) તેણે તેમનું વિશ્વાસ અને ભક્તિ પૂર્વક શ્રવણ કરવું જોઇએ તથા નિયમસર પાઠ શિખવા જોઇએ.

(૪) તેણે તેમની સેવા કરવી જોઇ, તેમની જરૂરીઆતો પૂરી પાડવી જોઇએ.

(૫) તેણે બુદ્ધિ અને તીવ્રઇચ્છા સહિત પાઠ શિખવા જોઇએ.

ત્રણ વાર ગુરૂ પાસે જઇને કંઇ કામ હોય તેનો તપાસ કરવી જોઇએ શિષ્યે પ્રભાતમાં વ્હેલા ઉઠવું, ગુરૂને સ્નાન માટે પાણી આપવું, ભોજન સમયે તેમની સરભરામાં રહેવું. સાંજે તેમને પાણી પુરા પાડવું; માંદા હોય ત્યારે ચાકરી કરવી.

એક વાર શિખવાયલા પાઠનું ખરોબર ના આવડે ત્યાંસુધી શિષ્યે પુનરાવર્તન કર્યા કરવું જોઇએ. ગુરૂએ પણ શિષ્યને શિખવવામાં એવાં સાધ્ય અને દૃષ્ટાંત યોજવાં જોઇએ કે જેથી શિષ્યોના મનમાં વિચાર સારી રીતે ઉતરે. જ્યારે જ્યારે શિષ્ય બીજી જગોએ જઇને બીજાને પોતે શિખેલી કલાઓ અને વિદ્યાઓ શિખવશે ત્યારે કેટલાક કહેશે: “ આ શિષ્યે ગુરૂની સારી સેવા કરી છે, કારણ કે તે બહુ સારૂં ભણ્યો છે. તેનું જ્ઞાનપણ સંપૂર્ણ બન્યું છે. ”

એમ પણ બને કે કેટલાક તેના શિક્ષણના ખરાપણામાં શંકા કરે, તેના ગુરૂ પાસે જાય અને કહે, અમુક શિષ્યે અમારામાં આવીને

હે ગૃહસ્થ ! દક્ષિણ દિશા રૂપ ગુરૂની શિષ્યોએ આવા પાંચ પ્રકારે સેવા કરવી જોઇએ.

૩૯. હે ગૃહસ્થ ! ગુરૂએ પણ શિષ્યો સાથે નિચેના પાંચ પ્રકારે વર્તવું જોઇએ:—

(૧) તેણે તેમને સારી ચાલચલગત શિખવવી જોઇએ.

(૨) તેણે તેમને એવી રીતે શિખવવું જોઇએ કે જે-
થી શિષ્યો વિષયને સંપૂર્ણ ગ્રહણ કરી શકે.

આવા વાદ ઉપદેશ્યા છે, તે વિશે અમારે ખુલાસાની જરૂર છે. આ સાંભળીને ગુરૂ તેમને કહેશે, "તે અમારો શિષ્ય છે, મારાને તેના ઉપદેશમાં કંઇ ભેદ નથી. હું પણ તમને તે કહે છે તેવુંજ કહીશ, માટે તમે તેની પાસે જાઓ અને તમારી શંકાનાં સુગમતાથી સમાધાન મેળવો—" આ પ્રમાણેગુરૂને પણ શિષ્ય પ્રત્યે માન વૃત્તિ દર્શાવવાની છે.

ગુરૂએ શીષ્યને કેવીરીતે વર્તવું તે દર્શાવવું જોઇએ; કેવા મિત્રોનો સંગ કરવો, અને કેવાનો ત્યાગ કરવો તે સમજાવવું જોઇએ; શું કરવું ને શું ના કરવું તેનો પણ ઉપદેશ કરવો જોઇએ.

કેટલાક ગુરૂઓનો એવો ચાલ હોય કે કેટલાક સ્વાર્થી હેતુઓથી તેઓ જેટલું જાણતા હોય છે તેટલું સંપૂર્ણ જ્ઞાન શિષ્યને આપતા નથી. આ કારણથી દુનિયામાંથી અનેક ઉપયોગી કલા અને વિદ્યાનો નાશ થયો છે. ગુરૂએ શિષ્યને એવું શિક્ષણ આપવું જોઇએ કે તે ગમે ત્યાં જાય વિવિધ ધંધામાં રોકાય ત્યાં પોતા ઉપર આવી પડતા ગમે તેવા સમયમાં તે તેને સહાય રૂપ નિવડે.

(૩) તે તેમને પોતે જે જે શિખ્યો હોય તે તે સર્વ શિખવશે.

(૪) તે પોતાના શિષ્યોના ગુણ અને વિદ્યાવિષે તેમના મિત્રોમાં સારૂં બોલશે.

(૫) તે તેમનું રક્ષણ કરશે.

હે ગૃહસ્થ ! ગુરૂ શિષ્યો સાથે આવા પાંચ પ્રકારે વર્તશે. આ પ્રમાણે દક્ષિણ દિશા સાથે સરખાવાતા ગુરૂ શિષ્યોનું કોઈ પ્રકારના ભય, સંતાપ અથવા અશુભમાંથી રક્ષણ કરશે.

૪૦. હે ગૃહસ્થ ! પશ્ચિમ દિશારૂપ પત્ની સાથે પતિએ નીચેના પાંચ પ્રકારે વર્તવું જોઇએ.

(૧) તેણે તેની સાથે માયાળુ, માનભર્યા શબ્દો વાપરવા જોઈએ.

(૨) તેણે તેના પ્રત્યે નિંદાની, ઠપકાની વાણી વાપરવી નહિ જોઇએ.

(૩) તેણે તેની સાથે નિમકહલાલીથી વર્તવું જોઇએ.

(૪) તેણે પોતાના ખજાનાને તેના સ્વાધિનમાં સોંપવો જોઇએ.

(૫) તેણે પોતાના ગજા પ્રમાણે વસ્ત્રાલંકાર પૂરાં પાડવાં જોઈએ.

હે ગૃહસ્થ! પતિએ પશ્ચિમ દિશા રૂપ પત્ની સાથે આવા પાંચ પ્રકારે વર્તવું જોઇએ.

૪૧. હે ગૃહસ્થ! પત્નીએ પોતાના પતિ સાથે નીચેના પાંચ પ્રકારે વર્તવું જોઈએ. *

(૧) તેણે યોગ્ય સમયે પોતાના પતિને રાંધિને જમાડવા જોઇએ.

(૨) તેણે તેના પતિના સંબંધિ અને મિત્રો સાથે ઉદારતાથી, માન દૃષ્ટિથી વર્તવું જોઇએ.

---

* (ટીકા) પત્નીને બોલાવતાં પતિએ હમેશાં માન ભર્યા શબ્દો વાપરવા જોઇએ, કારણ કે આથી આરંભમાંજ અપમાનમાંથી ઉપજતા કોઇ પણ પ્રકારના ભેદના સંભવ દૂર થશે. તેણે તેના પ્રત્યે ચાકરોને બોલાવતાં વાપરવામાં આવે છે તેવા શબ્દો ના વાપરવા જોઇએ તેણે સર્વ પ્રકારનાં ગૃહકાર્યો તેને સોંપવાં જોઇએ જેથી જ્યારે તે ઘેર હોય ત્યારે અથવા કાર્ય કરીને ઘેર આવે ત્યારે તેને કંટાળાનું કંઇ કારણ રહે નહિ.

યોગ્ય સમયે ભોજન તૈયાર ના કરવાથી એક હજાર સોના મહોર ગુમાવ્યાના દૃષ્ટાંતની એક વાર્તા કહેવામાં આવે છે.

તક્ષક નગરમાં દિક્ષા મોક્ષાચાર્ય નામના એક વિખ્યાત વિદ્વાન વસતા હતા. તેમના હાથ નીચે ૫૦૦ શિષ્યો શિખતા હતા. તેઓ બ્રાહ્મણ ધર્મના તથા વેદ પારંગત હોવાથી એક સમયે અમુક ક્રિયા

( ) તોપણ તેના પ્રત્યે નિખાલસ રહેવું જોઈએ.
(૪) પતિએ સોંપેલા ખજાનાનું તેણે સંભાળથી તપાસીને રક્ષણ કરવું જોઈએ.

હોમનું કર્મ કરાવવાનું તેમને આમંત્રણ થયું તેમણે આ કર્મ પાર પાડવાનું પોતાના શિષ્યોને વિશ્વાસથી સોંપ્યું.

તેજ સાંજે શિષ્યો અન્ન રાંધવનાં કાષ્ટ લેવા ગયા; એક સિવાય બધાએ શિષ્ય ગયા. દરેકે એકએક ભારો લાવીને રસોડાપાસે ઢગલો કર્યો. તેમના સાથમાં એક આળસુ શિષ્ય હતો, તે ઊંઘવાનું મન થવાથી સર્વથી છેલ્લો ગયો. આ પ્રમાણે તેણે સૂકાં લાકડાં એકઠાં કરવાની તક ગુમાવી, કારણ કે તેના પહેલાં ગયેલા સાથીઓ બધાં એકઠાં કરી ગયા હતા. પરંતુ તેને પણ એક ભારો લઈ જવાનો હોવાથી તે એક ઝાડ ઉપર ચઢ્યો, કેટલાંક ડાળાં ડાળીઓ ભાગ્યાં, તેનો ભારો બાંધીને ઘેર લઈ જઈને બીજા બધાએ નાખેલા ઢગલાના ઉપર નાખ્યો. તેનાં આણેલાં લાકડાં સૂકાં નહોતાં, પરંતુ ઝાડ ઉપરથી તાજાં લીલાં લાવવામાં આવ્યાં હતાં. બીજી સવારે શિષ્યો માટે રાંધવા સારૂ રસોઈઆ તૈયાર થયો.

કમભાગ્યે તેણે આળસુ શિષ્યે આણેલાં કેટલાંક લાકડાં લઈને દેવતા સળગાવવા માંડ્યો. લાકડાં લીલાં હોવાથી ભોજન તૈયાર કરવામાં રસોઈયાને વધારે મહેનત પડી, રોજના કરતાં વધારે વખત લાગ્યો. પરિણામ એ થયું કે શિષ્યોને સત્વરનું ભોજન ના મળ્યું તેથી પ્રાતઃ સમયે કર્મ કરાવવા જઈ શક્યા નહિ. આમ ન જવાથી તેમણે દક્ષિણા મળવાની હજાર સોના મહોર ગુમાવી.

(૫) તેણે આળસુ ના થવું પરંતુ પોતાનાં સર્વ કાર્યો કુશાગ્રતાથી, બુદ્ધિથી કરવાં જોઇએ.

આ પ્રમાણે પત્નીએ પતિ સાથે હે ગૃહસ્થ! પાંચ પ્રકારે વર્તવું જોઇએ.

આ પ્રમાણે પશ્ચિમ દિશા રૂપ પત્નીનું પતિએ કોઇ પ્રકારના ભય, સંતાપ કે અશુભમાંથી રક્ષણ કરવું જોઇએ.

૪૨. હે ગૃહસ્થ! ઉત્તર દિશા રૂપ મિત્રોનું નિચેના પાંચ પ્રકારે માન પાન થવું જોઇએઃ—

(૧) તેણે તેમને યોગ્ય હોય તેવી બક્ષિસો આપવી જોઇએ.

(૨) તેણે તેમની સાથે માયાળુ શબ્દોથી વર્તવું જોઇએ.

(૩) તેણે તેમનાં કાર્યોમાં ઉત્સાહ દર્શાવવો જોઇએ.

(૪) તેણે તેમના સંબંધિ પોતાના જેવોજ વિચાર કરવો જોઇએ.

(૫) તેણે તેમને પોતાની સમૃદ્ધિના ભાગી બનાવવા જોઇએ.

આવા પાંચ પ્રકારે ઉત્તર દિશા રૂપ મનાતા મિત્રો સાથે પૂજ્ય પુરૂષોએ વર્તવું જોઇએ.

૪૩. હે ગૃહસ્થ! પૂજ્ય પુરૂષ પ્રત્યે તેના મિત્રો અને સાથીઓએ નિચેના પાંચ પ્રકારે વર્તવું જોઇએઃ—

(૧) દીર્ઘ સૂત્રિતાની અસરમાં પડેલાને તેમણે બચાવવો જોઇએ.

(૨) દીર્ઘ સૂત્રિતામાં પડેલાની સમૃદ્ધિનું પણ તેમણે રક્ષણ કરવું જોઇએ.

(૩) તેના ઉપર કોઇ પ્રકારનું સંકટ આવી પડતાં તેમણે તેને સહાય થવું જોઇએ.

(૪) તે ખરાબ દશામાં આવી પડતાં, તેમણે તેને છોડી ના જવો જોઇએ.

(૫) તેમણે તેનાં બાલકોનું રક્ષણ કરવું જોઇએ તથા કલ્યાણમાં વૃદ્ધિ કરવી જોઇએ.

ઉત્તર દિશા રૂપ મિત્રો અને સાથીઓએ પૂજ્ય પુરૂષ પ્રત્યે આવા પાંચ પ્રકારે વર્તવું જોઇએ.

ઉત્તર દિશા રૂપ મિત્રોમાંથી ઉપજતા કોઇ પણ ભય સંતાપ, કે અશુભમાં પુજ્ય પુરૂષનું આ પ્રકારે રક્ષણ થવું જોઇએ.

૪૪. હે ગૃહસ્થ ! પાતાલસ્થાને ગણાતા ચાકરો સાથે નીચેના પાંચ પ્રકારે શેઠે વર્તવું જોઇએ:— *

---

* (ટીકા) બાલકોથી થવા યોગ્ય કાર્ય મોટી ઉમરનાને ના સોંપવું જોઇએ; મોટાઓથી થનાર કાર્ય બાલકોને ના સોંપવું જોઇએ; પુરૂષોએ કરવા યોગ્ય કાર્ય સ્ત્રીઓને ન સોંપવું જોઇએ; સ્ત્રીઓને યોગ્ય પુરૂષોને ના સોંપવું જોઇએ.

(૧) તેણે તેમના બલ પ્રમાણે વિભાગ પાડીને તેમને કામ સોંપવું જોઇએ.

(૨) તેમની ઉમર અને ગુણના પ્રમાણમાં તેણે તેમને ખોરાક અને પગાર આપવો જોઇએ.

(૩) તેઓ માંદા પડે ત્યારે તેણે તેમની માવજત કરવી, દવા પુરી પાડવી તથા તેમને કામમાંથી છુટા કરવા જોઇએ.

(૪) ઘેર બનાવેલા અથવા બહારથી આવેલા ગમે તેવા મિષ્ટાન્નમાં તેણે તેમને ભાગ આપવો જોઇએ.

(૫) યોગ્ય સમયે તેણે તેમને કામે લગાડવા જોઇએ તથા બીજા સમયે તેમને વિસામો આપવો જોઇએ.

આ પ્રમાણે પાતાલ સાથે સરખાવાતા ચાકરો સાથે વર્તવું જોઇએ.

૪૫. હે ગૃહસ્થ ! ચાકરોએ શેઠ સાથે નીચેના પાંચ પ્રકારે વર્તવું જોઇએ:—

[૧] તેમણે શેઠના પહેલાં નિદ્રાનો ત્યાગ કરીને ઉઠવું જોઇએ.

(૨) રાત્રે શેઠ સુઇ ગયા પછી તેમણે સુવું જોઇએ.

(૩) તેમણે શેઠ સાથે માન અને ગુણબુદ્ધિથી વર્તવું જોઇએ, તેમની આજ્ઞાને એકદમ ખુશીથી પાર પાડવી જોઇએ.

(૪) તેમણે માત્ર હાથપેચના હેતુવિના આપવામાં આવતા પદાર્થોજ ગ્રહણ કરવા જોઇએ.

[૫] તેમણે પ્રસંગ પડતાં શેઠના ગુણનાં વખાણ કરવાં જોઇએ, તથા તેમની ચાકરી કરવા માટે અહંતા રાખવી જોઇએ.

ચાકરે શેઠ સાથે આવા પાંચ પ્રકારે વર્તવું જોઇએ.

આ પ્રમાણે પાતાળ સાથે સરખાવવામાં આવતા ચાકરોનું શેઠે કોઇપણ ભય, સંતાપ કે અશુભમાં રક્ષણ કરવું જોઇએ.

૪૬. હે ગૃહસ્થ ! માથા ઉપરના આકાશ રૂપ ભિક્ષુઓ અને બ્રાહ્મણો સાથે સાધારણ પુરૂષોએ નીચેના પાંચ પ્રકારે વર્તવું જોઇએઃ—

[૧] તેણે તેમની સાથે કર્મમાં પણ પ્રેમમય વર્તન રાખવું જોઇએ.

[૨] તેણે તેમની સાથે વાણીમાં પણ પ્રેમમય વર્તન રાખવું જોઇએ.

[૩] તેણે તેમના પ્રત્યે વિચારમાં પણ પ્રેમ દર્શાવો તથા તેમનું સદા ભલું ઇચ્છવું જોઇએ.

(૪) તેણે ઉદાર થઇને તેમની જરૂરીઆતો જલદી પુરી પાડવી જોઇએ.

(૫) તેણે તેમને વિવિધ સમયે જરૂરનું અન્ન પુરૂં પાડવું જોઇએ.

આવા પાંચ પ્રકારે આકાશ રૂપ ભિક્ષુઓ અને બ્રાહ્મણો સાથે ગૃહસ્થોએ વર્તવું જોઇએ.

૪૭. હે ગૃહસ્થ ! ભિક્ષુઓ અને બ્રાહ્મણોએ નીચેના ૭ પ્રકારે ગૃહસ્થો સાથે વર્તવું જોઇએઃ—

[૧] તેમણે તેમને પાપાચરણમાંથી અટકાવવા જોઇએ.

(૨) તેમણે તેમને અન્યોન્ય પ્રત્યે દયા ભાવની લાગણી વધારવા લલચાવવા જોઇએ તથા તેમનું સર્વ સમયે ભલું ઇચ્છવું જોઇએ.

[૩] તેમણે તેમને પુણ્ય રૂપ કર્મો કરવામાં જોડાવા લલચાવવા જોઇએ.

[૪] તેમણે તેમને પહેલાં ના સાંભળ્યા હોય તેવા ઉપદેશો સંભળાવવા જોઇએ.

(૫) તેમણે તેમને પૂર્વે સાંભળેલા ઉપદેશોને સારી રીતે સમજાવવા જોઈએ,

[૬] તેમણે તેમને સ્વર્ગમાં દોરી જતો શુભ માર્ગ દર્શાવવો જોઈએ,

આવા છ પ્રકારે, આકાશ રૂપ ભિક્ષુઓ અને બ્રાહ્મણોએ ગૃહસ્થો સાથે વર્તવું જોઈએ.

આ પ્રમાણે ભિક્ષુઓ અને બ્રાહ્મણો સાથે સરખાવવામાં આવતા આકાશમાંથી આવતા કોઈપણ ભય, સંતાપ કે અશુભમાંથી ગૃહસ્થનું રક્ષણ થવું જોઈએ.

૪૮. બુદ્ધ ભગવાન આ પ્રમાણે કહીને નીચેના શ્લોક બોલ્યા:—

માતપિતાને પૂર્વદિશા રૂપ ગણવાં જોઈએ કારણ કે તે સર્વથી પ્રથમ છે. ગુરૂઓને દક્ષિણદિશારૂપ ગણવા જોઈએ કારણ કે તેમને જે જે બક્ષિસ આપવામાં આવે તે લેવાને તેઓ યોગ્ય છે.

પત્ની અને બાલકોને પશ્ચિમ દિશા રૂપ ગણવાં જોઈએ કારણ કે તે તમારા પાછળનાં છે.

મિત્રોને ઉત્તર દિશા રૂપ ગણવા જોઈએ કારણ કે

તમારા ઉપર આવી પડતાં કોઇ પણ સંકટ તેઓ દૂર કરે છે.

સેવકોને પાતાલ સ્થાન રૂપ ગણુવા જોઇએ કારણ કે તેઓ તમારી મરજીને આધિન છે.

ભિક્ષુઓ અને બ્રાહ્મણોને મસ્તક ઉપરના આકાશ સ્થાન રૂપ ગણુવા જોઇએ કારણ કે તેઓ સદાચારી અને પૂજવા યોગ્ય હોય છે.

આ પ્રમાણે સમજીને જેઓ આ દિશાઓનું પૂજન કરશે તેઓ પોતાના કુટુમ્બનું પોષણ કરવાને તથા ગ્રહસ્થનું જીવન ગાળવાને સમર્થ બનશે.

જે કોઇ આવી સમજથી છ દિશાઓની પુજા કરશે. ધાર્મિક નિયમો પાળશે, સૂક્ષ્મ બાબતો સમજી શકે એવો હશે, ગર્વ રહિત હશે, કઠોર હ્રદયનો નહિ હશે, તે આ અને આવતી દુનિયામાં લાભકારક થઇ પડે એવી સમૃદ્ધિનો સંચય કરશે.

જે કોઇ ખંતી, આલસરહિત, કોઇ પણ સંકટ આવતાં અડગ, યોગ્ય સમયે યોગ્ય બાબત કરવા સમર્થ હશે તે આ અને આવતિ દુનિયા માટે લાભકારક સમૃદ્ધિનો સંચય કરી શકશે.

જે કોઇ આદરવાળો, મૃદુવાણીવાળો, દક્ષ બુદ્ધિવાળો, ઉદાર, ગંભીર જ્ઞાન વાળો, યોગ્ય રીતે કેળવાયલો, યોગ્ય વર્તન વાળો હશે તે આ અને આવતી દુનિયામાં લાભકારક થઈ પડે તેવી સમૃદ્ધિનો સંચય કરી શકશે.

ચાર સદ્‌ગુણો—ઉદારતા, માયાળુ વાણી, પરોપકાર અને નિઃસ્વાર્થ—

માનવિના પુણ્ય પ્રમાણે તેનામાં ઉદય પામે છે. આ દુનિયામાં તો, રથનાં ચક્ર જેના ઉપર ફરે છે તેવા લાઠાના જેટલા આ ગુણો અગત્યના છે. જો દુનિયામાં આ ચાર સારા ગુણો ના હોય તો માતા અથવા પિતા એકની પણ બાલકો સંભાળ લેશે નહિ, માન આપશે નહિ. આવા સદાચાર વાળા ડાહ્યા પુરૂષો વિત્ત એકઠું કરી શકે છે તથા માનને યોગ્ય થાય છે.

૪૯. ભગવાનનું વ્યાખ્યાન સમાપ્ત થતાં ગૃહસ્થ શીગાલે ભગવાન બુદ્ધને ઉદ્દેશીને નીચે પ્રમાણે કહ્યું:—

"હે પ્રભુ! આપનો ઉપદેશ શ્રેષ્ઠ પ્રકારનો છે. હે પ્રભુ! જાણે કે ઉંધાવળી ગયલાને છતું કરવા જેવું આ થયું છે, અથવા જે છુપું હોય તે ખુલ્લું થવા જેવું થયું

છે, અથવા ભટકતા મુસાફરને માર્ગ બતાવવા જેવું થયું છે, અથવા જેમને ચક્ષુઓ હોય તે જોઇ શકે માટે અંધકારમાં દીપ લઇ જવા જેવું થયું છે. તેમ વળી ભગવાને સિદ્ધાન્તને અનેક રીતે દર્શાવ્યો છે. હુ મારી જાતે બુદ્ધનો નિયામક રૂપે, ધર્મનો નિયામક રૂપે, સંઘનો નિયામકરૂપે આશ્રય લઉં છું. હે ભગવાન ! તમારા આશ્રયે આવેલાનો આજદિનથી મરણ પર્યંતના શિષ્ય રૂપે સ્વીકાર કરો."

આ વ્યાખ્યાન પુરૂં થતાં ભગવાન બુદ્ધ રાજગૃહમાંથી ભિક્ષા માગીને પોતાના વિહાર ભણી વિચર્યા.

શીગાલ પણ વ્યાખ્યાન સાંભળીને સોત્તન (સદાચારી) ના પદને પામ્યો, સંઘનો ચુસ્ત ભક્ત થઇ રહ્યો. એમ લખવામાં આવ્યુ છે, કે પછીથી તેણે ભિક્ષુઓના આધાર માટે, વિહારોના નિભાવ માટે, તથા વિવિધ દાન પુણ્યના પ્રસંગમાં ચાળીસ લાખ ખરચ્યા.

॥ શીગાલવાદ સૂત્ત સમાપ્ત. ॥

ઉપયોગી પુસ્તકો

મેઝીની—દે. ભ. લાલાલાજપતરાય કૃત ઇટાલીના દેશ ભક્ત મેઝીનીનું જીવન ગુજરાતીમાં કી. ૦—૮—૦

બાબુ સત્ય શોધક—બંગાળી જાસુસના આધારે કી. ૦—૮—૦

નેશનલ સોંગ—(અંગ્રેજીમાં) જુદા જુદા રાષ્ટ્રીય કવિઓનો સંગ્રહ કી. ૦—૨—૦

મળવાનું ઠેકાણું.

'ગુજરાત' પત્ર પ્રીન્ટીંગ પ્રેસ—નડીઆદ.

એન. એમ. ત્રીપાઠીની કંપની

ઠે. કાલબાદેવી મુંબાઇ.

